જાન્યુઆરી ૨૦૧૪

# દાદાવાણી

કિંમત ₹ ૧૦



'જ્ઞાની પુરુષ'નું ચારિત્ર તો બહુ જ ઊંચું હોય. મન પણ કોઈ દહાડો બગડે નહીં. શીલને ચારિત્ર કહેવાય. શીલ એટલે વિષયનો વિચાર ના આવે. અમને વિષયનો એક પણ વિચાર ના આવે. અમારું ચારિત્ર એ ચારિત્ર કહેવાય.

**તંત્રી :**
**ડિમ્પલ મહેતા**
વર્ષ : ૧૯, અંક : ૫
સળંગ અંક : ૨૨૧
**જાન્યુઆરી ૨૦૧૪**

**સંપર્ક સૂત્ર :**
અડાલજ ત્રિમંદિર,
સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ.ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org

**Printed & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath Chambers, Nr.RBI, Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj - 382421. Dist-Gandhinagar.

**કુલ ૨૮ પેજ કવર પેજ સાથે**

**લવાજમ (ગુજરાતી)**
**૧૫ વર્ષ**
ભારત : ૭૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫૦ ડોલર
યુ.કે. : ૧૦૦ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## શીલવાન

### સંપાદકીય

મનુષ્ય દેહ પ્રાપ્ત થયા પછી જે દેહે પરમાત્મા પદ પ્રાપ્ત કરી શકાય તેમ છે, છતાં તે પદ તો ઠીક પણ આદર્શ મનુષ્યજીવન પણ જીવી શકાતું નથી એનું કારણ શું હશે ? ત્યારે કહે, અજ્ઞાન અને તેને કારણે ઉદ્‌ભવતા કષાય-વિષય, જે ભવોભવના બંધનું કારણ છે. અને એમાંથી ઊગરવાનો ઉપાય શું ? જ્ઞાની પુરુષનું અનન્ય શરણ.

જ્ઞાની પુરુષ કે જે સ્વપુરુષાર્થે પરમાત્મ દશા જેવા શીલ-ચારિત્રને પામ્યા છે, એમની કૃપાથી શું પ્રાપ્તિ ના થાય ? જ્ઞાનીઓની એ જ કરુણા દૃષ્ટિ હોય છે કે કેમ કરીને જીવ કષાય-વિષય ને સંસારની મોહજાળમાંથી મુક્ત થઈ સ્વ-સ્વરૂપના સુખ અને આનંદને પામે. એને એ જ દુર્લભ મનાતી વસ્તુની પ્રાપ્તિ, જ્ઞાની પુરુષની કૃપા અને વચનબળ થકી સહજ સિદ્ધ કરી શકાય એમ હોય છે. એ જ વ્યક્તિ પછી શીલવાન-ચારિત્રવાન બની પરમાત્મ દશા સુધી પહોંચવાને સમર્થ બની જાય એમાં નવાઈ શું ? મનુષ્યનો ધ્યેય જ એ હોવો ઘટે કે પોતે શીલ-ચારિત્ર સિદ્ધ કરીને પોતાનું જીવન સાર્થક કરી લે.

શીલવાન એટલે એકલો વિષય જીત્યો એટલું જ નહીં, પણ ક્રોધ-માન-માયા-લોભ પણ એને વશ થયા હોય. એનામાં સિન્સિયારિટી, મોરાલિટી, સરળતા, નમ્રતા, સહજતા જેવાં સર્વ ગુણો હોય. શીલવાન એ નિર્ભય હોય, ભગવાન પણ એને પૂછી શકે નહીં. એ કેવી અદ્‌ભુત સ્થિતિ કહેવાય ! પછી એનામાં પ્રતાપ ગુણ ઉત્પન્ન થાય. શીલનો પ્રતાપ તો અજાયબ હોય. સિંહ એનો હિંસક ભાવ ભૂલી જાય અને સર્પ શીલવાનને દેખી ફફડી જાય. શીલવાન એ તો વ્યવહાર ચારિત્રનું ઊંચામાં ઊંચું પદ છે.

આ સ્વરૂપનું જ્ઞાન મળ્યું છે, માટે શીલવાન અને ચારિત્રવાન થઈ શકાય એમ છે. એક બ્રહ્મચર્ય અને બીજું કોઈ પણ જીવને કિંચિત્‌માત્ર દુઃખ નથી દેવું એ બન્નેના ગુણાકાર થાય ત્યારે ચારિત્રબળ ઉત્પન્ન થાય.

પરમ પૂજ્ય દાદાશ્રી કહે છે, આ કાળમાં તો પૂર્ણ શીલવાન પુરુષ ના જડે, છતાં પણ પોતાની અનુભવ દશાના આધારે તેઓ ખૂબ જ સરળ અને સાદા વ્યવહારના ઉદાહરણો આપી શીલ, ચારિત્રની સચોટ સમજણ આપે છે. આ કાળમાં જેમને અદ્‌ભુત આત્મદશા તેમજ શીલવાન, ચારિત્રવાન રૂપ વર્તના છે તેમ છતાં જ્ઞાનીની લઘુતમ દૃષ્ટિ તો હૃદયને સ્પર્શી જાય એવી છે.

જે મોક્ષાર્થીને આત્માનું સ્પષ્ટવેદન આ દેહે જ અનુભવવું હોય તેને વિશુદ્ધ બ્રહ્મચર્ય સાથે સંપૂર્ણ કષાયરહિત જીવન વિના આની પ્રાપ્તિ શક્ય જ નથી. જેને એકાવતારી પદ મેળવી મોક્ષે જ જવું છે, તેણે તો આ જ્ઞાની પુરુષે ચીંધેલા માર્ગે ચાલી પોતાનું કલ્યાણ કરી લેવાનું છે. પોતે કલ્યાણ સ્વરૂપ થાય પછી વગર બોલ્યે બીજાનું કલ્યાણ થશે. ચારિત્રની મૂર્તિ જોવાથી જ બધા ભાવ શમી જાય ! માટે પ્યૉર થવાનું છે, શીલવાન થવાનું છે !

**જય સચ્ચિદાનંદ.**

## શીલવાન

### જરૂર છે શીલરૂપ ચારિત્રની

કોઈ તને ટૈડકાવે તો તું ઉગ્ર થઈ જાઉંને ?

**પ્રશ્નકર્તા :** હા, થઈ જાઉં છું.

**દાદાશ્રી :** તો એ નબળાઈ કહેવાય કે જબરાઈ કહેવાય ?

**પ્રશ્નકર્તા :** બેઉ કહેવાય.

**દાદાશ્રી :** ના, ના, એ તો નબળાઈ જ કહેવાય.

**પ્રશ્નકર્તા :** કો'ક જગ્યાએ તો ક્રોધ હોવો જ જોઈએ ને !

**દાદાશ્રી :** ના, ના, ક્રોધ એ તો પોતે જ નબળાઈ છે. અમુક જગ્યાએ ક્રોધ હોવો જોઈએ, એ તો સંસારી વાત છે. આ તો પોતાનાથી ક્રોધ નીકળતો નથી એટલે એવું બોલે કે ક્રોધ હોવો જ જોઈએ.

જેની પાસે ક્રોધ છે, એ ક્રોધના તાપથી સામાને વશ કરવા જાય છે અને જેની પાસે ક્રોધ નથી, એ શીલ નામના ચારિત્રથી બધાને વશ કરી શકે છે. જાનવર પણ એનાથી વશ થાય !

### હિમ સમાન છે શીલનો તાપ

તને ખબર છે, હિમ પડે છે તે ? હવે હિમ એટલે બહુ જ ઠંડી હોયને ? તે હિમથી ઝાડવા બળી જાય, બધો કપાસ, ઘાસ બધું જ બળી જાય. એવું તું જાણે છે કે ? એ શાથી ઠંડીમાં બળી જતું હશે ?

**પ્રશ્નકર્તા :** 'ઓવર લિમિટ' ઠંડીને લીધે.

**દાદાશ્રી :** હા, એટલે જો તું ઠંડો થઈને રહે તો એવું શીલ ઉત્પન્ન થાય. વળી, ઉગ્રતા એ તો નબળાઈ જ છે ને.

**પ્રશ્નકર્તા :** હવે આ છોકરાઓ કંઈક તોફાન કરે ત્યાં આગળ ગુસ્સો કરવો હોય તો થતો નથી.

**દાદાશ્રી :** ના, પણ કરવાની જરૂર જ નહીંને ! ગુસ્સો જ્યારે નહીં કરો ત્યારે તમારો તાપ વધશે. આ હું ગુસ્સો ના કરું તો મારો તાપ એટલો બધો લાગે, મારા નજીકમાં રહેનારા બધાને તાપ સખત લાગે અને ગુસ્સો એ તો નબળાઈ છે ઉઘાડી. ખાલી એમ ને એમ જ તાપ લાગે એવો છે. ગુસ્સો કરવાની જરૂર જ ના હોય, તાપ જ લાગે છે એમને.

ક્રોધ હોય ત્યાં હજી લીકેજ થઈ ગયું એટલે યૂઝલેસ થઈ જાય છે અને બહુ ક્રોધ થાય ત્યાં માણસ સાવ ખલાસ જ થઈ જાય. ક્રોધિત થાય તે તો આમ આમ હલે હઉ. એ કેટલી બધી નિર્બળતા કહેવાય ? અને ભગવાન મહાવીર કેવા હશે ? આમ પેલો મારે, ગાળો દે તોય કંઈ નહીં ! આપણે એવું જોઈને (એવા) થઈ જવાનું છે.

### સહનશીલતા એ જ બળવાનપણું

**પ્રશ્નકર્તા :** પણ દાદા, વધારે પડતું ઠંડા થવું એ પણ એક નબળાઈ જ છે ને ?

**દાદાશ્રી :** વધારે પડતા ઠંડા થવાની જરૂર જ નથી. આપણે તો લિમિટમાં રહેવાનું છે, એને 'નોર્માલિટી' કહે છે. બિલો નોર્મલ ઈઝ ધી ફીવર, એબાવ નોર્મલ ઈઝ ધી ફીવર, નાઈન્ટી એઈટ ઈઝ ધી નોર્મલ. એટલે આપણને નોર્માલિટી જ જોઈએ.

**પ્રશ્નકર્તા :** તો પછી મારું કોઈ અપમાન કરે ને હું શાંતિથી બેસું તો એ નિર્બળતા ના કહેવાય ?

**દાદાશ્રી :** ના. ઓહોહો ! અપમાન સહન કરવું, એ તો મહાન બળવાનપણું કહેવાય. અત્યારે અમને કોઈ ગાળો ભાંડે તો અમને કશું જ ના થાય. એને માટે મન પણ ના બગડે, એ જ બળવાનપણું ! અને નિર્બળતા તો, આ બધા કચકચ કર્યા જ કરે છે ને ! જીવમાત્ર લડંલડા કર્યા કરે છે. એ બધી નિર્બળતા

કહેવાય. એટલે અપમાન શાંતિથી સહન કરવું એ મહાન બળવાનપણું છે અને એવું અપમાન એક જ ફેરો ઓળંગીએ, એક સ્ટેપ ઓળંગેને, તો સો સ્ટેપ ઓળંગવાની શક્તિ આવે. આપને સમજાયુંને ?

સામો બળવાન હોય, એની સામે નિર્બળ તો જીવમાત્ર થઈ જ જાય છે. એ તો એનો સ્વાભાવિક ગુણ છે. પણ જો નિર્બળ માણસ આપણને છંછેડે તોય એને આપણે કંઈ પણ ન કરીએ ત્યારે એ બળવાનપણું કહેવાય.

મનુષ્ય પોતાની શક્તિ હોવા છતાં સામાને રંજાડે નહીં, પોતાનાં દુશ્મનને પણ રંજાડે નહીં, એનું નામ બળવાનપણું કહેવાય છે. અત્યારે કોઈ તમારી ઉપર ગુસ્સે થતો હોય ને તમે તેના પર ગુસ્સે થાવ તો તે બાયલાપણું ના કહેવાય ? એટલે મારું શું કહેવાનું કે આ ક્રોધ-માન-માયા-લોભ એ જ બધી નિર્બળતાઓ છે. બળવાન હોય તેને ક્રોધ કરવાની જરૂર જ ક્યાં રહી ? પણ આ તો ક્રોધનો જેટલો તાપ છે એ તાપથી પેલાને વશ કરવા જાય છે, પણ જેને ક્રોધ નથી એની પાસે કંઈ હશે ખરુંને ? એનું શીલ નામનું જે ચારિત્ર છે, એનાથી જાનવરો પણ વશ થઈ જાય. વાઘ-સિંહ, દુશ્મનો બધા, આખું લશ્કર વશ થઈ જાય !

## જગતનો ફેરફાર થાય, શીલવાનના નિમિત્તે

**પ્રશ્નકર્તા :** આપણે અહીં જે વિજ્ઞાનની રીતે ચર્ચાઓ થાય છે, એમાં એટલો ફેર ચોક્કસ પડ્યો છે કે સામા માણસો ગમે એમ વર્તન કરતા હોય તો આપણે સમજી શકીએ છીએ કે આનો કંઈ જવાબ આપવા જેવો નથી.

**દાદાશ્રી :** હવે એથી આગળ સમજવાનું છે. આ વિજ્ઞાનનું ફળ એથી આગળ જાણવાનું છે. આ તમે જે વાડ બાંધો છો, તે વાડ બાંધ્યા પછી જે ચોરીઓ ના થાય, એ વાડ વગર પણ ચોરીઓ ના થાય, એવું આ વિજ્ઞાન છે. અને વાડ બાંધ્યા પછી તો સાચવવા માટે માણસો રાખવા પડે. એટલે તમને જે આમ મારું અપમાન ન કરી શકે એવો જે ભાવ છે, તેથી તમે વાડ બાંધીને રક્ષણ કરો છો. હવે વાડ બાંધીને રક્ષણ કરનારો હોય એનો જેટલો તાપ સામાને લાગે છે, એના કરતા જે રક્ષણ નથી કરતો એનો ભયંકર શીતળ તાપ હોય. મોટા મોટા બહારવટિયા પણ પાણી પાણી થઈ જાય ! શીલવાનનો તાપ ! સૂર્યનારાયણનોય તાપ ના હોય એવો તાપ.

## સર્વ ગુણો સમાયા શીલમાં

**પ્રશ્નકર્તા :** શીલ કોને કહેવું, જરા વિસ્તારથી કહોને, બધાને સમજાય એવું ? મારો એવો ખ્યાલ છે શીલ એટલે સદાચાર.

**દાદાશ્રી :** ના. સદાચાર ને શીલવાન બહુ જુદું જુદું. સદાચાર એ તો સામાન્ય વસ્તુ છે.

શીલમાં તો બધી જ ચીજ આવી જાય. કોઈ ચીજ બાકી નથી રહેતી. ખાસ કરીને આપણે શીલ કોને કહીએ છીએ ? 'સ્ત્રી ચારિત્ર' સંબંધમાં શીલવાન કહીએ છીએ ફર્સ્ટ (પ્રથમ) એ.

શીલ(ના ધ્યેય)વાળાને સ્ત્રીનો વિચાર પણ ના આવે. વિષયનો વિચાર આવ્યો માટે શીલમાં કચાશ છે હજુ. પણ છતાંય આપણે વિચાર આવેલાને કહીએ છીએ કે થોડા કાળમાં આ વિચાર જતા રહેશે, ને એ શીલવાન જ છે ! શીલમાં (શીલના ધ્યેયવાળાને) કેટલાય ખરાબ વિચાર આવતા હોય, તો પણ એ શીલમાં જવાનો છે, માટે આપણે કારણ ને કાર્યનો આરોપ કરીએ છીએ.

બીજું, કિંચિત્‌માત્ર પોતાના દુશ્મનને પણ દુઃખ દેવાના ભાવ ન હોય, કિંચિત્‌માત્ર હિંસક ભાવ ના હોય, ત્યારે 'શીલ' કહેવાય. જીવમાત્રને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય એવું એનું વલણ હોય. હું ઝડપથી ચાલીશને તો પણ અવાજથી આ કૂતરું ઊંઘી ગયું હશે, તે જાગી ઊઠશે એય વિચાર એને આવશે. શીલવાન કેવો હોય ? કૂતરાનીયે ઊંઘ ન બગાડે. અને

આ કુશીલ એવો હોય છે કે એ કૂતરાને હડ કરીને કાઢી મેલે અને ઊંઘ ઉડાડે.

કોઈને સહેજેય કિંચિત્‌માત્ર દુઃખ ન કરે એવા આપણા વિચારો, ભાવ, વર્તન જોઈએ અને ચારિત્ર બહુ ઊંચું હોવું જોઈએ. અને ખરી રીતે આ મોરાલિટી-સિન્સિયારિટી બધું ભેગું આવવું જોઈએ.

## મોરાલિટી-સિન્સિયારિટી ત્યાં શીલ

મનુષ્યોએ મોરાલિટી જો કદી વેચી ના ખાધી હોત ને, તો દુઃખ ના હોત કશું. આ તો મોરાલિટી જ વેચી ખાધી, સિન્સિયારિટી જ વેચી ખાધી. એના દુઃખો છે આ બધા. આ મોરાલિટી અને સિન્સિયારિટી બન્ને ભેગું કરે ત્યારે શીલ કહેવાય.

શીલ તો બહુ ઊંચી વસ્તુ છે. આ મોરાલિટી-સિન્સિયારિટી એ તો શીલની મહીં સમાઈ જાય, પણ શીલ એ છે તે મોરાલિટી-સિન્સિયારિટીમાં સમાય નહીં. આવડા મોટા વાસણમાં આવડું નાનું વાસણ સમાઈ જાય. પણ આ મોરાલિટી અને સિન્સિયારિટી એમાં હેતુ શીલનો છે.

## ભગવાનની ભાષામાં શીલની વ્યાખ્યા

ભગવાને શીલ કોને કહ્યું ? કોઈ પણ જીવને મનથી, વાણીથી, કાયાથી, કષાયથી, અંતઃકરણથી ક્યારેય પણ દુઃખ ન આપવાનો જેને ભાવ છે એ શીલવાન છે. એને જગતમાં કોઈ દુઃખ કેમ આપી શકે ?

**પ્રશ્નકર્તા :** તો દાદા, મન-વચન-કાયાથી કોઈ પણ જીવમાત્રને કિંચિત્‌માત્ર પણ દુઃખ ન દેવું એ જે ભાવ છે, એ શીલવાન ?

**દાદાશ્રી :** એ તો ભાવ છે જ. એ તો અહિંસક ભાવ કહેવાય છે. એ વસ્તુ જુદી છે અને આ તો સ્ત્રીસંબંધી વિષય જીત્યો, એ બધું જીત્યો.

ક્રોધ-માન-માયા-લોભને વશ કરવા અને બીજું, અબ્રહ્મચર્યને વશ કરવું બે વસ્તુ જ છે ને ત્રીજી વસ્તુ કોઈ છે નહીં. મુખ્ય બ્રહ્મચર્ય છે.

## દૃઢ નિશ્ચયથી સધાય બ્રહ્મચર્ય

**પ્રશ્નકર્તા :** દાદા, હવે દૃઢ નિશ્ચય થયો છે કે વિષયને કમ્પ્લીટ નિર્મૂળ જ કરી નાખવાનો છે. (પછી) આગલા અવતારની તો જવાબદારી જ નહીં. અત્યારે દાદા મળ્યા છે તો પૂરું જ કરી નાખવાનું.

**દાદાશ્રી :** પૂરું જ કરી નાખવાનું. એ નિશ્ચય ડગે નહીં એટલું રાખવાનું.

બ્રહ્મચર્ય સચવાય તો મોઢા પર કંઈક નૂર આવે. નૂર તો હોવું જ જોઈએ ને ? નહીં તો શી નાતના છે, તે જ ખબર ના પડેને ? બ્રહ્મચર્યથી નૂર આવે. કાળો-ગોરો જોવાનું નથી. ગમે તેવો કાળો હોય, પણ તેનામાં નૂર હોવું જોઈએ. નૂર વગરના માણસો શા કામના ? બ્રહ્મચર્યનું તેજ તો સામી ભીંત ઉપર પડે ! ફોરેનવાળા જુએ તો આમ જોઈને ખુશ થઈ જાય કે ઈન્ડિયન બ્રહ્મચારી આવ્યા, એવું હોવું જોઈએ. કોઈ ધોળો હોય, કોઈ કાળો હોય, એ નહીં જોવાનું, બ્રહ્મચર્ય જોવાનું. માટે એવું કંઈક કરો કે બ્રહ્મચર્યવ્રત દીપે !

## પ્રગટે નૂર, બ્રહ્મચર્ય થકી

સાચું બ્રહ્મચર્ય તો એનું નામ કહેવાય કે મોઢા પર જબરજસ્ત નૂર હોય. અને આ જ્ઞાનીની પાસે રહે છે તોય એટલું બધું જામ્યું નથી. લાઈટ તો આવવું જ જોઈએને ! બ્રહ્મચર્યનું જો લાઈટ ના આવતું હોય તો બ્રહ્મચર્ય કહેવાય જ કેમ કરીને ? લાઈટ આવવું જોઈએ. વાણી સુંદર, સુકોમળ થવી જોઈએ. બધું દીપી ઊઠવું જોઈએ. સુગંધી આવવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** હવે દાદા, અંદર આમ નિશ્ચય એવો થઈ જ ગયો છે.

**દાદાશ્રી :** નિશ્ચય તો થઈ જ ગયો, તારો થઈ ગયો છે. મોઢા ઉપર નૂર આવ્યુંને ?

**પ્રશ્નકર્તા :** આનંદ હવે થોડો થોડો આવવા માંડ્યો છે.

**દાદાશ્રી :** હજુ તો ખરું તપ કરશે, જેટલું તપ કરશે એટલો આનંદ. આ તપ કરવાનું છે, બીજું કંઈ તપ નહીં. લોકો તપ કરવાનું કહે છેને, તે આ તપ કરવાનું છે.

**પ્રશ્નકર્તા :** બ્રહ્મચર્ય ને શીલ હોય તો બધા કષાયો તો ઑટોમેટિક વશ થઈ જાયને ?

**દાદાશ્રી :** વિષયનો વિચાર ના આવે, જેને ક્રોધ-માન-માયા-લોભ ના થાય, એને શીલવાન કહેવાય. એકલો આ સ્ત્રીનો વિષય જ નહીં, ક્રોધ-માન-માયા-લોભ પણ પોતાને વશ થયા હોય એટલે એ શીલવાન કહેવાય. જે ક્રોધ-માન-માયા-લોભ પોતાને દુઃખ દે, બીજાને દુઃખ ના દે, એ 'કંટ્રોલેબલ' કહેવાય. ત્યાંથી ભગવાને એને 'શીલ' કહ્યું. શીલ એટલે મોટામાં મોટી વસ્તુ.

શીલ કોને કહેવાય છે કે ક્રોધની સામે ક્રોધથી જવાબ આપતા નથી, માનની જોડે માનથી જવાબ આપતા નથી, રાગી જોડે રાગથી જવાબ આપતા નથી, એ શીલ કહેવાય.

## શીલવાનના લક્ષણો

**પ્રશ્નકર્તા :** શીલવાનના શા શા લક્ષણ છે, એ જાણવા છે.

**દાદાશ્રી :** શીલવાનમાં મોરાલિટી, સિન્સિયારિટી, બ્રહ્મચર્ય એ બધું હોય, પછી સહજ નમ્રતા હોય. સહજ એટલે નમ્રતા કરવી ના પડે. સહજ જ સામાના આગળ નમ્ર થઈને જ બોલે. પછી સહજ સરળતા હોય. સરળતા કરવી ના પડે. જેમ વાળો તેમ વળે. એનો સંતોષ સહજ હોય. આટલો જ ભાત ને કઢી આપણે ધરીએને તો એ ઊંચું જુએ નહીં. સહજ સંતોષ ! એની ક્ષમા પણ સહજ હોય. એમનો અપરિગ્રહ-પરિગ્રહ બન્ને સહજ હોય. એટલે આ બધી કેટલી ચીજો એવી સહજ હોય ત્યારે જાણવું કે આ ભઈ શીલવાનમાં આયા !

આપણે ધોલ મારીએ અને પછી એની આંખ જુએ તો આપણને ક્ષમા આપતી હોય ત્યારે એનું નામ સહજ ક્ષમા. 'મને ક્ષમા જોઈએ છે' એવું કહેવું ના પડે. આપણે ધોલ મારીએ ને, એના આંખમાં સાપોલીયા ના રમે ! ખબર ના પડે કે સાપોલીયા રમે છે આની આંખમાં ?

તમે આ ઈફેક્ટને શું જાણો ? અમે કોઝીઝનેય જાણીએ અને ઈફેક્ટનેય જાણીએ. કોઝીઝનું જ્ઞાન છે અને આ ઈફેક્ટનું જ્ઞાન, બન્ને જ્ઞાન છે અમને, તો સહજ ક્ષમા રહી શકે.

## ઈગોઈઝમ ડલ, તેમ શીલવાન થતો જાય

**પ્રશ્નકર્તા :** શીલ એ ઈગોઈઝમ (અહંકાર)થી પ્રાપ્ત કરાય ? એમાં ઈગોઈઝમ હોય ?

**દાદાશ્રી :** ઈગોઈઝમ ! ઈગોઈઝમનો અર્થ તો વેરવી છે આનું.

**પ્રશ્નકર્તા :** જો ઈગોઈઝમ એનું વેરવી છે તો કેળવી શકવાનો વિષય નથી ?

**દાદાશ્રી :** ના, એમ નહીં. ઈગોઈઝમથી એની શરૂઆત થાય છે. પછી ઈગોઈઝમ ડલ થઈ જાય અને આ એની મેળે જ ચાલ્યા કરે પછી.

જેમ જેમ શીલવાન થતો જાય તેમ ઈગોઈઝમ ડલ થતો જાય છે. પછી ઈગોઈઝમ ખલાસ થયા પછી શીલવાનપણું પ્રગટ થાય છે. ક્રમે ક્રમે બધું બને છે આ.

## શીલવાન એટલે નિર્ભય

**પ્રશ્નકર્તા :** શીલવાન પુરુષ મોક્ષે જાય ખરો ?

**દાદાશ્રી :** હા, અને એ જ મોક્ષ બીજાને આપી શકે.

**પ્રશ્નકર્તા :** તો પછી આ ગુણ ગ્રહવાની જે વાત છે, વૃત્તિ ઉપરનો કંટ્રોલ એ તો, અહંકારે કરીને થયું.

**દાદાશ્રી :** એ અહંકારે કરીને થાય તે કામનું નહીં, સહજ થવું જોઈએ. તે એનું નામ શીલવાન

કહેવાય. વૃત્તિઓ ઉપર કન્ટ્રોલ કર્યા (કરે) એ તો અહંકાર ઊભો રહ્યો છે. ત્યાગ કરો એ અહંકાર છે અને ગ્રહણ તેય અહંકાર છે. સહજ આગળ કોઈ ત્યાગેય નથી અને અત્યાગેય નથી.

શીલવાનનો તાપ આખા જગતને લાગે. શીલવાન થાવ, મહાવીરના શિષ્યો. શીલવાન ના થવું જોઈએ ? તો આમ આ ભય પામ્યા પછી શીલવાન થવાશે ? ભય શાનો ? આ દુનિયામાં ભય શેનો હોતો હશે તે ? શીલવાન એટલે નિર્ભય. ભગવાન પણ પછી એને પૂછી શકે નહીં. બોલો, ભગવાન પણ પૂછે નહીં ત્યારે પછી એ કેવી સ્થિતિ !

## શીલવાન પુરુષ હોય પ્રતાપી

આચાર્યો તો કેવા હોય ? એક આંખ કાઢે તો સો શિષ્યોને પરસેવો છૂટી જાય. તેમને વઢવું ના પડે, ખાલી આંખથી જ કામ થાય. શીલ જ કામ કરે. આચાર્ય તો શીલવાન હોય. આ શિષ્યોને માથે તો ભય જોઈએ. પોલીસવાળાનો ભય ના જોઈએ, પણ શીલનો ભય જોઈએ. ખાલી હવાથી જ ભય રહે. આ અમારી પાસે કોઈ કાયદો નથી છતાં બધા શેનાથી કાયદામાં રહે છે ? અમારા શીલથી. વીતરાગને ત્યાં કાયદો ના હોય. એ તો પક્ષાપક્ષીથી દૂર હોય. તમને બે ઉપવાસ કરવાની ઈચ્છા હોય તો મહારાજ આશીર્વાદ આપે કે 'બે ઉપવાસ કર.' તો પેલાને મહીં રહ્યા જ કરે અને ગપોલિયું ના મારે, તેને વચનબળ કહેવાય. આ તો શિષ્ય મહીં બબડતા મહારાજની આજ્ઞા પાળે. સાચા ગુરુ અને સાચા શિષ્ય વચ્ચે પ્રેમનો એવો આંકડો હોય કે ગુરુ ગમે તે બોલે પરંતુ શિષ્યને બહુ ગમે.

વીતરાગોના વખતના આચાર્યો, મહારાજો કેવા ડાહ્યા હોય ? એંશી વરસના આચાર્ય મહારાજ હોય અને અઢાર વરસનો નવો દીક્ષિત સાધુ હોય તે મોટા આચાર્યને કહે કે, 'મહારાજ, મારું જરા સાંભળશો ?' ત્યારે મહારાજને મહીં એટલું બધું લાગી આવે કે મારી આટલી બધી અજાગૃતિ કે સામાને, નાનાને, આવું કહેવાનો વારો આવ્યો ! આચાર્ય તો સામાનું સાંભળે. અરે, વિધર્મીનુંય ઠંડે કલેજે, જરાય કષાય કર્યા વગર સાંભળે.

શીલ આવશે એટલે પછી બધી શક્તિ આવી જાય. થોડો ઘણો શીલવાન થાયને તો શક્તિ આવે. શીલવાનની સુગંધ આવે.

## શીલવાનનું વચનબળ

આ જગતના બધા જ્ઞાન શુષ્કજ્ઞાન છે. શુષ્કજ્ઞાનવાળા કોઈ શીલવાન પુરુષ હોય, એટલે શાસ્ત્રોથી ઉપર હોય એમાં, તોય એનું વચનબળ થાય. શીલવાન પુરુષનો શબ્દ કંઈ કામ કરે, બાકી બીજું કોઈ બોલે એનું કામ ના કરે. વિષયનો એક દહાડોય જરા વિચાર આવ્યો હોય તો કામ કરે નહીં. એક દહાડોય લક્ષ્મીનો વિચાર આવ્યો હોય તો કામ ના કરે. કારણ કે એ લિકેજ કહેવાય.

એક ફેરો જૂઠું બોલવાથી માણસનામાં બહુ જ નુકસાન થાય છે, જબરજસ્ત નુકસાન થાય. પણ એને ખબર નથી. કેટલું નુકસાન ખમીને એ પોતે રક્ષણ કરે છે પોતાનું. એક ફેરો ચોરી કરવાથી જબરજસ્ત નુકસાન થાય છે પણ એ ખબર નથી. એટલે એમ શું નુકસાન ગયું એ ખબર નથી. આ સૂક્ષ્મમાં નુકસાન થાય છે. એટલે એનો પ્રતાપ, એનું શીલવાનપણું બધું ખલાસ થઈ જાય છે. માણસ વેચી મારે છે બધું શીલવાનપણું. એનો પ્રભાવ પડે નહીં પછી.

મારા શબ્દો એવા છે ને, વચનબળવાળા છે. શીલવાન પુરુષના શબ્દો છે. સત્યાવીસ વર્ષથી જે દેહના માલિક પોતે નથી, જે મનના માલિક નથી, જે વાણીના માલિક નથી, એના શબ્દો છે આ તો.

વચનનું બળ હોય છે એ, કારણ કે જેટલું એનું શીલ, ચારિત્ર એટલું બધું બળ ! અને ચારિત્ર એટલે કમ્પ્લીટ મોરાલિટી, કમ્પ્લીટ સિન્સિયારિટી, એનું નામ ચારિત્ર. કમ્પ્લીટ મોરાલિટી, સેન્ટ પણ ઓછી નહીં. કમ્પ્લીટ સિન્સિયારિટી, સેન્ટ પણ ઓછી નહીં. એ ચારિત્ર હોય ત્યાં બધું જ ચાલે.

જેની વાણીથી કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય, જેના વર્તનથી કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય, જેના મનમાં ખરાબ ભાવ ના થાય તે શીલવાન. શીલ વગર વચનબળ ઉત્પન્ન ના થાય.

## શીલવાન હોય ઈન્ફિરીયારિટી રહિત

શીલવાન એટલે શું ? કે એ કોઈ મને ગાળો દેવા આવ્યો હોય ને તે અહીં આવે ને બેસી રહે, તે આપણે કહીએ કે કંઈક બોલો. બોલોને ! પણ એનાથી અક્ષરેય બોલાય નહીં, એ શીલનો પ્રભાવ ! એટલે આપણે (ગાળો દેવાની) તૈયારી કરીએ ને, તો શીલ તૂટી જાય. એટલે તૈયારી નહીં કરવાની. જેને જે કરવું હોય તે કરો. બધે 'હું જ છું', કહીએ.

**પ્રશ્નકર્તા :** પણ એ આપણને ખેંચી જવાના પ્રયત્નો થતા હોય તો ?

**દાદાશ્રી :** એ ગમે તે ખેંચી જવાનું (કરે) પણ આપણે નથી ખેંચાવું, તો એ ગમે તે કરેને, એનું કશું ચાલવાનું નથી.

**પ્રશ્નકર્તા :** પણ એ નથી ખેંચાવું એટલા સંકલ્પમાં તો રહેવું જ પડેને ?

**દાદાશ્રી :** નહીં, એ નથી ખેંચાવું એ આપણે આપણા સ્વાધીન જ રહેવું.

**પ્રશ્નકર્તા :** એટલે આપણી સહજસ્થિતિમાં જ રહેવું ?

**દાદાશ્રી :** હા, સહજસ્થિતિમાં જ અને સંજોગવશાત્ જવું પડે, આવું કંઈ ખેંચાવું પડે, તો ફરી એ બાબતમાં આપણે એ લપ્પન-છપ્પન નહીં રાખવાની.

**પ્રશ્નકર્તા :** તન્મયાકાર ન થવું ?

**દાદાશ્રી :** એમાં બિલકુલેય તન્મયાકાર નહીં થવાનું. પહેલું શીલવાનપણું ઉત્પન્ન થવા દો. આ 'જ્ઞાન' આપ્યા પછી માણસ દહાડે દહાડે શીલવાન થતો જાય. જેને આ બહાર પ્રભાવશાળી કહે છે, એ તો બહુ નાની વસ્તુ છે. એ તો આ બહારના માણસોનેય હોય છે. પણ શીલવાનપણું તો ભગવાન આગળેય પોતાને ઈન્ફિરીયારિટી કૉમ્પ્લેક્સ ના લાગે અને જેને ભગવાન આગળ ઈન્ફિરીયારિટી કૉમ્પ્લેક્સ ના લાગે તો પછી આ મનુષ્યો આગળ તો ના જ લાગેને ? શીલવાન ! શીલ તો બધી રીતે રક્ષા કરે. દેવલોકથી રક્ષા કરે, આ સાપ, જીવડાં ને બધા જાનવરોથી રક્ષા કરે, બધાથી રક્ષા કરે. માટે શીલની જ જરૂર છે.

## ખરું શીલ - રજમાત્ર ખોટા ભાવ ન હોય

આપણી સામે કોઈ પ્રપંચ કરતું હોય ને એમાં સામી તૈયારી કરીએ ને તો આપણું ચારિત્રબળ તૂટી જાય. (એ) ગમે એટલા પ્રપંચ કરે તો પોતાના પ્રપંચથી પોતે જ ફસાય છે. પણ જો તમે તૈયારી કરવા જશો તો તમે જ એના પ્રપંચમાં ફસાશો. અમારા સામું તો બધા બહુ લોકોએ પ્રપંચ કરેલા, પણ એ પ્રપંચીઓ ફસાયેલા. કારણ કે અમને કશુંય એક ઘડીવાર (અવળા) વિચાર ના આવે. નહીં તો તૈયારી કરવાના વિચાર આવે ને તોય આપણું ચારિત્રબળ તૂટી જાય, શીલવાનપણું તૂટી જાય.

પ્રપંચની સામું તૈયારી કરવા માટે આપણે નવા પ્રપંચ ઊભા કરવા પડે અને પછી આપણે સ્લિપ થઈ જઈએ. હવે એ હથિયાર આપણી પાસે નથી. એની પાસે તો એ હથિયાર છે તો એ ભલે કરેને ! છતાં એ 'વ્યવસ્થિત' છે ને, પણ તોય એનું હથિયાર એને વાગે, એવું 'વ્યવસ્થિત છે'.

શીલ એનું નામ કે મહીં રજમાત્ર પણ ખોટો ભાવ ઉત્પન્ન થવો ન જોઈએ.

તે શીલ આમ હોવું જોઈએ. શીલ કોનું નામ કહેવાય કે ક્યારે પણ કોઈ જીવને માટે કોઈ પણ ભાવે, પાંચ ઈન્દ્રિય ભાવે કે અહંકાર ભાવે કે કષાય ભાવે અંતઃકરણથી પણ કિંચિત્‌માત્ર ખરાબ ભાવ ઉત્પન્ન ન થાય. અને જીવમાત્રને નહીં મારવાનો

ભાવ તો નિરંતર રહ્યા કરતો હોય. મારવાનો ભાવ નહીં પણ એને દુઃખ ન થાય એવા ભાવથી નિરંતર રહે તો શીલવ્રત ઊભું થાય. અને એ શીલ સંસ્કાર ઉત્પન્ન થાય.

## ના રહે હિંસકભાવ શીલવાનમાં

સિંહ માંસાહાર કરીને ધરાઈને બેઠો હોય, તે શીલવાન ત્યાં રહીને જતો હોય ને જ્યારે સિંહના જોવામાં આવેને તો એને ઊલટીઓ થાય ! બધું માંસ નીકળી જાય ખાધેલું, જોવાથી તે વખતે.

**પ્રશ્નકર્તા :** જોવાથી જ !

**દાદાશ્રી :** એમણે કશું કહ્યું નથી, શીલવાન કશું બોલ્યા નથી, ત્યાં મારું કંઈ ગ્રહણ નથી કર્યું, ત્યાં આવી અસરો થાય એમની !

**પ્રશ્નકર્તા :** આબુ પર શાંતિવિજયજી મહારાજ હતા, એમની આજુબાજુ સર્પો કે સિંહને એ બધા બેઠા હોય તો એમને કંઈ થાય નહીં, સિંહ એમને કંઈ કરે નહીં, એવું માણસો કહેતા હતા. તો એ કયા આધારે એમ બનતું હશે ?

**દાદાશ્રી :** એ તો માણસમાં એવી શક્તિઓ આવે ખરી. આપણા મનમાં હિંસકભાવ બધા જતા રહ્યા ને, તો કોઈ કશું કરે નહીં. એમની પાસે હિંસકભાવ ભૂલી જાય. પેલા જાનવર, પોતે હિંસક છે એય ભાવ પણ ભૂલી જાય.

**પ્રશ્નકર્તા :** ભાવ જ તે હિંસકનો નીકળી જાય ?

**દાદાશ્રી :** ભાવ ચેન્જ (ફેરફાર) થઈ જાય. અમારી પાસે આવ્યા હોયને, તો વઢતા વઢતા આવ્યા હોય પણ મને દેખતાની સાથે વઢવાડ-બઢવાડ ઊડી જાય.

## શીલે સર્પ ન આભડે

આ જગતનો એક નિયમ એટલો બધો સુંદર છે કે આખાય રૂમમાં સાપ પાથરેલા હોય, એક ઈંચ જગ્યા કોરી ના હોય, છતાં તેની મહીં અંધારામાં શીલવાન પેસે તો શીલવાનને સાપ અડે નહીં, એટલું બધું ગોઠવણીવાળું આ જગત છે. તે સર્પ એટલે નબળાઈ વસ્તુઓ તેને કહેવામાં આવે છે, જે ઝેરી વસ્તુઓ છે. કારણ કે સાપને શીલનો તાપ એટલો બધો લાગે કે દસ ફૂટ દૂરથી જ સાપ બધા આઘાપાછા થઈ જાય ને ઉપરાછાપરી ચઢી જાય ! સાપ એની હવાથી જ ખસી જાય બધા. કારણ કે સહેજ જો સાપ એને અડે તો સાપ દઝાય. અંધારામાંય આગળ આગળથી આમ સાપ ઉપરાછાપરી ચઢી જાય અને માર્ગ આપે. એટલે શીલનો પ્રભાવ એવો છે કે કોઈ વસ્તુ એનું નામ ના દે.

'શીલે સર્પ ન આભડે, શીલે શીતલ આગ,
શીલે અરી, કરી, કેસરી, સબ જાવે ભાગ.'

**પ્રશ્નકર્તા :** આપે કહ્યુંને કે શીલવાન પુરુષ હોય તો બધા સાપ પણ ત્યાં આગળ એના તાપમાં ઊભા ના રહે. તો કહે, આ માણસો ઉપર આ શીલની અસર થાય એ બરાબર છે, પણ આ જે સાપને પણ એની અસર થાય, એ જરાક કવિતામય વાત નથી આપની ?

**દાદાશ્રી :** સાપની પર પહેલી (અસર) થવી જોઈએ. સાપની પર ના થાય તો પછી અર્થ જ શું ? માણસો તો પણ બુદ્ધિવાળા છે.

**પ્રશ્નકર્તા :** પણ સાપને આ શીલવાન હોય, એને ખ્યાલ આવી જાય ? શીલવાનનું તેજ સાપ પાસે પહોંચી જાય ?

**દાદાશ્રી :** ચોક્કસ, શીલવાન તો સમજાઈ જાય, તરત જ. એનું વાતાવરણ જ જુદું હોય.

જેનામાં હિંસાનું એક પણ પરમાણુ નથી એને મારનાર કોણ ? સાપ બાજુમાં જ હોય તોય તે તેને મારી ના શકે. શીલવાનને જોતા હાથી, સિંહ બધા ભાગી જાય. ત્યાં વાઘ ઠંડો થઈ જાય. અને આમને

મચ્છરદાની બાંધે છે તોય મચ્છરો કૈડી ખાય છે. આમને શું કહીએ ? આમનું શીલ ક્યાં ગયું ? મચ્છરદાની બાંધે છે તોય કૈડી ખાય છે ! આને ક્યાં પહોંચી વળાય તે ?

અરે, દેવો પણ શીલવાનથી ડરે અને એમની આમાન્યા રાખે. દુર્જનોને તાપ લાગે, સજ્જનોને શાંતિ લાગે એવું શીલનું દર્શક. ચારેય ગતિમાંથી એકલી મનુષ્યોમાં જ શીલ નામનો ગુણ હોય છે.

## શીલ ક્યારે ઉત્પન્ન થાય ?

**પ્રશ્નકર્તા :** શીલ ક્યારે ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** 'જ્ઞાની પુરુષે' જ્ઞાન આપ્યા પછી પોતાનો નવરાશનો ઉપયોગ શીલમાં કરે. શીલ એટલે સામો છે તે લડાઈની તૈયારી કરતો હોય, તેની સામે આપણે લડાઈની તૈયારી નહીં. જે તૈયારીઓ કર્યા કરે છે એનું બધું લીકેજ છે, શીલનું આખું લીકેજ. પછી શીલ ખલાસ થઈ જાય છે.

એવું છે કે કોઈ સંજોગોમાં છોકરો સામો થાય, કોઈ સંજોગોમાં વાઈફ સામી થાય, તે ઘડીએ તમે લપકા કરો તો તમારું શીલ ખલાસ થઈ જાય. એના કરતા આપણે જોયા કરવાનું કે આ મશીન કંઈ બગડેલું લાગે છે. તે કઈ બાજુથી મશીન બગડ્યું છે તે જોયા કરવું. નહીં તો આ લોક તો શું કરે કે 'તું આવી છું, તું તેવી છું' કહે એટલે થઈ રહ્યું, શીલ એનું ખલાસ થઈ ગયું. ડરાવવાથી તો તમારું શીલવાનપણું તૂટતું જશે ને તમારે નિર્બળતાઓ વધતી જશે.

## પ્રતાપ-શીતળ-ગંભીર-અડગ ગુણો જ્ઞાની મહીં

જ્ઞાની પુરુષમાં શું શું ગુણ હોય તે જાણો છો, ખરા જ્ઞાની હોય, સંપૂર્ણ જ્ઞાની ? તો કહે છે કે સૂર્યનારાયણ જેવો પ્રતાપ હોય અને ચંદ્ર જેવી સૌમ્યતા હોય. આ લોકોનામાં શું હોય ? એક જ ગુણ હોય, કાં તો સૌમ્યતા હોય કે કાં તો પ્રતાપ હોય, બે સાથે ગુણો ના હોય. વિરોધાભાસ ગુણો છે આ બે. પણ જ્ઞાનીનામાં બન્ને સાથે હોય, સૌમ્યતા ને પ્રતાપ.

શીલવાનની સૌમ્યતા જેવી કોઈ સૌમ્યતા ન હોય. એટલે શીલવાનમાં બન્ને ગુણો પ્રગટ થયેલા હોય. સૌમ્યતા જબરજસ્ત હોય અને પ્રતાપ પણ જબરજસ્ત હોય.

કોઈ શીલવાન માણસ હોય તેને મારો તાપ ના લાગે. શીલવાન એટલે ચારિત્રવાન માણસ હોય, બાકી જે ચારિત્ર ઢીલા, તે લૂઝ ચારિત્રવાળાને બહુ તાપ લાગે.

મને જોતા જ ભડકે ત્યાંથી હું ના સમજું કે મૂઆ, જોતા જ ભડકે છે તો શું હશે મહીં તારામાં માલ ? અને કેટલાક તો, આપણે ઘેર બેઠા હોય ત્યારે મેં કહેલું, જો પેલો બહાર ઓટલા ચઢે છે ને પણ અહીં આવી શકશે નહીં, પાછો ફરી જશે. ત્યાંથી જ પાછો ફરી જાય, ના ચઢાય મૂઆ ! કઈ જાતનો ચક્કર ! હવાથી જ નાસી જાય ! ભાગો (અહીંથી) !

**પ્રશ્નકર્તા :** શાથી નાસી જાય ?

**દાદાશ્રી :** તાપ લાગે, જ્ઞાની પુરુષનો તાપ ! આ તો પ્રચંડ તાપ કહેવાય. સૂર્યનારાયણ કરતા વિશેષ તાપ લાગે. સૂર્યનારાયણ તો છત્રી ધરે તોયે રાગે પડે. આ તમે લાખ છત્રીઓ ધરો તોય ના રાગે પડે. આ તાપ તો સખત તાપ લાગે અને એવું ના હોય તો તો લોકોનું કલ્યાણ જ ના થાયને !

ત્રીજો ગુણ, સમુદ્ર જેવા ગંભીર હોય. ગમે એવી ખાનગી વાતો કરવી હોય ને તે આપણું બધું ખાનગી જાણતા હોય પણ ઊઘાડું ના કરે. બહુ ગંભીર હોય.

અને હિમાલય જેવી સ્થિરતા હોય. એટલે જ્યારે ખરેખરું અહીંયા આગળ બહુ મુશ્કેલીઓના ટાઈમ આવી જાયને મુંબઈમાં, તે ઘડીએ જો એમની જોડે બેસી રહ્યા હોય તો સહેજેય ડગવું ના પડે આપણે, એવી સ્થિરતા હોય. એ ડગી ના જાય. એટલે આવા, બધા બહુ ગુણો હોય.

## વ્યવહાર ચારિત્રનું ઉચ્ચતમ પદ - શીલવાન

**પ્રશ્નકર્તા :** આ શીલ જે ઉત્પન્ન થયું આવું તો એ કેળવવાની વસ્તુ છે ? શીલ કેળવી શકાય ?

**દાદાશ્રી :** શીલ જાણવાની વસ્તુ છે. શીલમાં શું શું આવે ? શું શું ભેગું થાય તો શીલ કહેવાય ? જેમ આ કઢી એટલે કંઈ એક વસ્તુ નથી, બધી વસ્તુનું સંમેલન છે. એવું આ શીલ એ કોઈ વસ્તુ નથી, સંમેલન છે આ.

શીલ તો મહાન ગુણ છે. જેને કોઈ સાથે સરખાવી ના શકાય એવો ગુણ છે ! અમુક કાળમાં કોઈ એવા બે-ચાર-પાંચ હોય. પણ અત્યારે તો એનો અભાવ છે.

શીલવાન એ તો મોટામાં મોટું રત્ન કહેવાય. એવો શીલવાન હુંયે નહોતો અને અત્યારેય નથી. શીલવાન તો વ્યવહાર ચારિત્રનું ઊંચામાં ઊંચું પદ છે.

## ત્યાં પહોંચવા જરૂર, પુરુષાર્થની

**પ્રશ્નકર્તા :** દાદા જેવો પ્રતાપ, દાદા જેવી ખુમારી અને શીલવાનપણું દાદા જેવું જોઈએ છે. મેં તો તમારામાં આ જોયેલું, તે હું એવો આફ્રિન થઈ ગયો છું. ઓહોહો ! શું ખુમારી છે ! દરઅસલ ખુમારી ! આ પોતાપણું ઊડે ત્યારે આ ગુણો પ્રગટ થાય, એવું થયુંને ?

**દાદાશ્રી :** પછી ઉત્પન્ન થાય. એક બાજુ બધા ગુણો ઉત્પન્ન થાય. (પોતાપણા) એને લઈને બધું અટક્યું છે ને ! અને જો એની જોડે મતભેદ પડી ગયો, તો કલ્યાણ થઈ ગયું !

**પ્રશ્નકર્તા :** એની જોડે મતભેદ પડે પણ એ પેલી સીટ તો એ બધું ખરું જ ને ? વ્યવહારની સીટ અથવા એ બધું એની જગ્યાએ ખરું જ ને ?

**દાદાશ્રી :** વ્યવહાર છે જ નહીં.

**પ્રશ્નકર્તા :** પોતે પેલી સીટ પર ના બેસે, પોતે પોતાની સીટ પર આવે, પણ પેલી સીટ જે નથી બેસતો એ સીટ ત્યાં છે ને ? એવું ખરુંને ? એ અસ્તિત્વ ત્યાં છે ને એવું કંઈ ?

**દાદાશ્રી :** એ ખોળવું જ નહીં. એની મેળે જ હોય. એ તો કુદરત જ બેસાડી દે ને ! તારે ખોળવાનું નહીં. ન છૂટકે બેસાડી દે તો બેસવું.

**પ્રશ્નકર્તા :** પણ ત્યાંથી પોતે ઊઠાડીને પોતાના પદ પર...

**દાદાશ્રી :** એ પુરુષાર્થ, એ પુરુષાર્થ ને પેલું વ્યવસ્થિત.

## શીલ કેળવાય બ્રહ્મચર્યથી

**પ્રશ્નકર્તા :** આપણી પ્રકૃતિ ઉપર આ શીલનું રિફલેક્શન કેવી રીતે આવે ?

**દાદાશ્રી :** શીલનું ? એ તો બ્રહ્મચર્ય. (વીર્ય એ ખોરાકના) બધા રસમાં છેલ્લો રસ છે અને એના સારરૂપ છે. જેમ આ દૂધમાંથી ઘી બને છે ને, એના જેવું બ્રહ્મચર્યનું (વીર્યનું) છે. તે એ છેલ્લામાં છેલ્લી એ વસ્તુ છે, બનાવેલી. હવે એ નકામી-યૂઝલેસ જાય, એટલે પછી ઊડી જાય અને લુખ્ખું દેખાય, દિવેલ પીધા જેવું દેખાય. પણ એ મહીં (સચવાય તો) તેજોમય દેખાય, ઊર્ધ્વગામી જાય. ટકે એની વાત તો જુદીને !

એટલે શીલ કેળવો. શીલનો જે પ્રતાપ છે એ અજાયબ પ્રતાપ છે ! ભગવાન મહાવીરની પાસે વાઘ અને બકરી સાથે પાણી પીતા હતા, એવું ઈતિહાસ કહે છે અને પુરાવા સહિતની વાત છે આ તો.

હવે એવું લોક જો કદી દેખેને, તો શું કહેશે ? કે ઓહોહો, કેવી સિદ્ધિ છે ! આ તો એમનું શીલ છે. એ સિદ્ધિઓ ન વાપરે. જો એક સિદ્ધિ વાપરી હોય તો આખી દુનિયા ઊંચી-નીચી થઈ જાય ! જો મહાવીર ! જ્ઞાનીઓ સિદ્ધિઓને વાપરે નહીં. એનું શીલ એટલું બધું હોય કે એને જોતાની સાથે બધા કૂદાકૂદ કરે.

## શીલવાનનું ચારિત્રબળ

શીલનો પ્રભાવ એવો છે કે જગતમાં એનું કોઈ નામ ના દે. બધીય આંગળીઓએ સોનાની વીંટીઓ ઘાલેલી હોય, અહીં આખા શરીરે બધા સોનાના દાગીના પહેર્યા હોય ને બહારવટિયા ભેગા થયા હોય, બહારવટિયા જુએય ખરા પણ અડી શકે નહીં. બિલકુલ ગભરાવા જેવું જગત જ નથી. જે કંઈ ગભરામણ છે એ તમારી જ ભૂલનું ફળ છે, એમ અમે કહેવા આવ્યા છીએ. લોકો એમ જ જાણે છે કે જગત અડસટ્ટો છે.

કિંચિત્‌માત્ર તમને કશું કોઈ કરી શકે એમ છે જ નહીં, જો તમે કોઈનામાં સળી ના કરો તો, એની હું તમને ગેરન્ટી લખી આપું છું.

જે ભૂલ વગરના છે તેને તો બહારવટિયાઓના ગામમાંય કોઈ નામ ના દે ! એટલો બધો તો પ્રતાપ છે શીલનો ! શીલવાનનું-ચારિત્રવાનનું કોણ નામ દઈ શકે આખા જગતમાં ! આખું જગત પોતાની માલિકીનું છે. અરે, એક વાળ પણ કોઈ વાંકો ના કરી શકે એવી સ્વતંત્ર માલિકીવાળું આ જગત છે.

જે લોકોને ચારિત્ર ના હોય એ લોકો ચારિત્રવાનને જુએ, તો ત્યાં તરત જ પ્રભાવિત થઈ જાય. જેમાં પોતે ખરાબ હોય ત્યાં સામાનો સારો માલ જુએ કે પ્રભાવિત થઈ જાય. ક્રોધી માણસ બીજા કોઈ શાંત પુરુષને જુએ તો પણ પ્રભાવિત થઈ જાય. આ જગતમાં તમારો પ્રભાવ પડવા માંડ્યો, ત્યાં તમે વિષય ખોળો તો પછી શું થાય ? આ માસ્તર છોકરા પાસે શાક મંગાવે, બીજું મંગાવે તો પછી પ્રભાવ રહે ? આને જ 'વિષય' કહ્યો છે. શીલવાનનો એવો પ્રભાવ પડે કે કોઈ ગાળો આપવાનું નક્કી કરીને આવ્યો હોય તો પણ સામે આવે કે એની જીભ સિવાઈ જાય. એવો આત્માનો પ્રભાવ છે ! પ્રભાવ એટલે શું કે એને જોવાથી જ લોકોના ભાવ ઊંચા થાય. આ જ્ઞાન પછી પ્રભાવ વધે. પ્રભાવ એ આગળ ઉપર ચારિત્ર કહેવાય છે. બહુ ઊંચો પ્રભાવ થાય ત્યારે ચારિત્રવાન કહેવાય.

## ચારિત્રબળની ઓળખ શું ?

**પ્રશ્નકર્તા :** તો દાદા, આ ચારિત્રબળ શું છે ? ચારિત્રવાન કોને કહેવાય ?

**દાદાશ્રી :** ચારિત્રબળમાં બે જ ચીજ આવે; એક, બ્રહ્મચર્ય અને બીજું, કોઈને કિંચિત્‌માત્ર દુઃખ નહીં દેવું એ બેનો ગુણાકાર થાય ત્યારે ચારિત્રબળ ઉત્પન્ન થાય.

વ્યવહાર ચારિત્રમાં મુખ્ય બે વસ્તુ કઈ ? એક વિષયબંધ. કયો વિષય ? ત્યારે કહે છે, સ્ત્રીચારિત્ર વિષય. અને બીજું શું ? લક્ષ્મી સંબંધી. લક્ષ્મી(નો વ્યવહાર) હોય ત્યાં આગળ ચારિત્ર હોઈ શકે નહીં.

**પ્રશ્નકર્તા :** લક્ષ્મી હોય ત્યાં ચારિત્ર ના હોય એ કેવી રીતે ?

**દાદાશ્રી :** ત્યાં ચારિત્ર ના જ કહેવાયને ! લક્ષ્મી આવી એટલે લક્ષ્મીથી તો વ્યવહાર કરવાનો બધો. અમારાથી લક્ષ્મી ના લેવાય.

'ચારિત્રબળ શું છે' તેની ઓળખ શેનાથી થાય ? (ત્યારે કહે,) બીજું કશું જોવાનું નહીં. ભગવા લૂગડાં પહેરે છે કે ધોળા લૂગડાં પહેરે છે, એ જોવાનું નહીં. ભાષા કેવી નીકળે છે, એના પરથી ચારિત્રબળની ઓળખ થાય. ચારિત્રબળ વધે એટલે તરત જ પ્રગમી જાય.

સંસારમાં વાણી નીકળી, એ ચારિત્રબળની ઓળખ કહેવાય. (એ) વાણી મીઠી-મધુરી, કોઈને આઘાત થાય નહીં, પ્રત્યાઘાત થાય નહીં, ઉપઘાત (અથડામણ) થાય નહીં એવી વાણી (હોય). કિંચિત્‌માત્ર દુઃખ ના થાય એવી વાણી નીકળે ને, તો બધું ચારિત્ર જ છે. દરેક માણસ કેવું બોલે છે, તેના પરથી (એનું) ચારિત્ર ઓળખાય.

## વ્યવહાર ચારિત્ર - નિશ્ચય ચારિત્ર

**પ્રશ્નકર્તા :** 'ચારિત્ર વિના મોક્ષ નથી અને મોક્ષ વિના નિર્વાણ નથી.'

**દાદાશ્રી :** ચારિત્ર એ તમારી ભાષામાં ચારિત્ર તમને શું સમજાયું છે એ કહો.

**પ્રશ્નકર્તા :** ચારિત્ર એટલે સારી રીતે વર્તન કરવું તે. સ્ટ્રેટ ફોરવર્ડ જેને કહીએ. વાંકોચૂકો કે ક્રૂકેડ નહીં એ ચારિત્રવાન કહેવાય. પ્રમાણિક હોય, ઑનેસ્ટ હોય, મોરલ હોય.

**દાદાશ્રી :** એવા તો ઘણા સીધા માણસો મળે. એને ચારિત્ર કેમ કહેવાય તે ? આ તો મોક્ષનું કારણ ચારિત્ર કહ્યું.

**પ્રશ્નકર્તા :** મોક્ષનું કારણ બરોબર છે.

**દાદાશ્રી :** પેલું ચારિત્ર તો સીધો માણસ (હોય એને) કોઈ વાહ વાહ બોલે, કોઈ પૈસા ધીરે એને. બસ તે એનું બીજું કોઈ કારણ છે નહીં. અને તોય કેટલાક અવળું બોલે. પણ આ ચારિત્ર શું કહેવા માગે છે ? ચારિત્ર બે પ્રકારના, એક નિશ્ચય ચારિત્ર અને એક વ્યવહાર ચારિત્ર. વ્યવહાર ચારિત્ર એટલે કોઈ પણ વિષય ઉપર વૃત્તિ નહીં. વ્યવહાર ચારિત્ર એટલે પુદ્‌ગલ ચારિત્ર, આંખે દેખાય એવું ચારિત્ર અને પેલું નિશ્ચય ચારિત્ર ઉત્પન્ન થયું કે ભગવાન થયો કહેવાય. અત્યારે તો તમારે બધાને 'દર્શન' છે, પછી જ્ઞાનમાં આવે પણ ચારિત્ર ઉત્પન્ન થતા વાર લાગે. છતાં અક્રમ છે ને, એટલે ચારિત્ર શરૂ થાય ખરું, પણ એ તમને (તમારે) સમજવું મુશ્કેલ છે.

**પ્રશ્નકર્તા :** એના લક્ષણ શા હોય એમાં ?

**દાદાશ્રી :** એવું છે ને, એ નિશ્ચય ચારિત્ર બહુ જૂજ પ્રમાણમાં થાય. જેને આ આંખોથી જોવું-જાણવું તેય ચારિત્ર ના કહેવાય, બુદ્ધિથી જોવું-જાણવું તેય ચારિત્ર ના કહેવાય. એમાં તો આંખ ના વપરાય, મન ના વપરાય, બુદ્ધિ ના વપરાય. પછી જે જુએ-જાણે, તે નિશ્ચય ચારિત્ર. પણ આની ઉતાવળ કરવા જેવું નથી. આ 'દર્શન' પહોંચ્યું છે તેય બહુ થઈ ગયુંને ! પોતાના દોષ દેખાય ને એ બધાના પ્રતિક્રમણ થાય એટલે બહુ થઈ ગયું !

અને ખરું ચારિત્ર કોને કહેવાય કે બધું ખાતો-પીતો હોય, પણ જ્ઞાતા-દ્રષ્ટા એ ખરું ચારિત્ર. આત્મા પોતાના સ્વભાવમાં, જ્ઞાતા-દ્રષ્ટામાં આવે એ ખરું ચારિત્ર. એ ચારિત્ર વિના મોક્ષ નથી.

## શીલ-ચારિત્રના ગુણો

**પ્રશ્નકર્તા :** શીલવાન એટલે કયા ગુણો ખાસ હોય ?

**દાદાશ્રી :** શીલવાન, તે આમ ચારિત્રવાન ભણી જાય. અને ચારિત્રવાન એકલો નહીં, બીજા બધા બહુ ગુણો ભેગા થાય ત્યારે શીલવાન કહેવાય.

આ ચોરોને એવી એવી સિદ્ધિઓ હોય છે કે નક્કી કરે કે આજ મારે અમુક જગ્યાએ અમુક ટાઈમે જ ચોરી કરવી છે, તે ટાઈમે એક્ઝેક્ટ થઈ જાય. એ સિદ્ધિ ઓછી કહેવાય ? એમાં એ નિયમ રાખવાનો.

બધા નિયમ પાળવાથી સિદ્ધિ ઉત્પન્ન થાય (તે) શીલવાન હોય. એટલે શીલવાન પાસે માણસો રેગ્યુલર હોય છે એ બધા. એવો શીલવાનનો તો બહુ પ્રભાવ અને ચારિત્ર બધું ઊંચું હોય એનું !

ચારિત્ર તો બ્રહ્મચર્ય એકલાને નથી કહેવાતું. ચારિત્ર તો શીલવાન હોય ત્યારે ચારિત્ર કહેવાય. એટલે શીલનું તો બહુ માહાત્મ્ય છે. શીલમાં તો પણ બ્રહ્મચર્ય સહિત આટલા ગુણો હોવા જોઈએ. એટલે કે જેની વાણીથી કોઈને દુઃખ ના થાય, જેના વર્તનથી કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ના થાય. જેનું મન કોઈને માટે ખરાબ વિચારે નહીં, એવો શીલવાન માણસ હોય.

ચારિત્રવાન કોને કહેવાય ? જે કોઈને ક્રોધથી પણ દુઃખ કરતો નથી, કોઈને લોભે કરીને દુઃખ કરતો નથી, કોઈને માને કરીને તિરસ્કાર કરતો નથી,

કોઈને કપટે કરીને દુઃખ આપતો નથી, એ ચારિત્રવાન કહેવાય. ચારિત્રવાનની તો બહુ કિંમત !

### ફેર, ચારિત્રવાન અને શીલવાનમાં

**પ્રશ્નકર્તા :** ચારિત્રવાન અને શીલવાન એ બેમાં શું ફેર ?

**દાદાશ્રી :** શીલવાન એટલે પૂર્ણ ચારિત્રનો હોય. ચારિત્રવાન એટલે અંશ શીલવાન અને શીલવાન એટલે સર્વાંશ શીલવાન. એટલે આ જ્ઞાન છે તો તમારાથી ચારિત્ર આવે, નહીં તો ચારિત્ર જ ના હોયને !

### ફેર, ચારિત્ર અને સંયમમાં

**પ્રશ્નકર્તા :** ચારિત્ર અને સંયમમાં શું ફેર ?

**દાદાશ્રી :** ચારિત્ર અને સંયમમાં તો બહુ ફેર. ચારિત્ર એટલે તો કોઈને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય, અથડામણ ના થાય. અને સંયમ તો, અસંયમને અટકાવવો, એનું નામ સંયમ કહેવાય. એ તો આમ વ્યવહારમાં સંયમી માણસ કહેવાય. પણ આ જ્ઞાન પછી હવે સંયમ આવવા માંડ્યો છે. ચારિત્રને લેવાદેવા નહીં. ચારિત્રવાનને જોઈને લોકો ખુશ થઈ જાય.

### ફેર, શીલ અને પ્રજ્ઞામાં

**પ્રશ્નકર્તા :** તો બીજો એક પ્રશ્ન એ થાય કે શીલ ને પ્રજ્ઞા એ બેનો સંબંધ શું ?

**દાદાશ્રી :** શીલ જુદું છે ને પ્રજ્ઞા જુદી છે. પ્રજ્ઞા એ આત્માની પ્રતિનિધિ જેવું કામ કરે છે અને શીલ તે આપણે આચારધર્મ, જે મનનો આચારધર્મ, વાણીનો આચારધર્મ, દેહનો આચારધર્મ, ત્રણેવનો આચારધર્મ પ્રગટ કરે.

### જીતવાની તૈયારીઓ ત્યાં ચારિત્રબળ લૂઝ

કોઈ તને ગમ્મે તે બોલે, ગમ્મે એવું કરે, તોય તે ઘડીએ તું મૌન પકડું અને શાંત ભાવે જોયા કરું, તો તારામાં ચારિત્રબળ ઉત્પન્ન થશે અને એનો પ્રભાવ પડશે એના ઉપર. લૉયર (વકીલ) હોય તોય એ ગમે તેવું વઢે, તો તું દાદાનું નામ લેજે અને સ્થિર રહેજે. મનમાં એમ થશે કે આ કેવા ! આ તો હારતા જ નથી, પછી એ હારે. દાદા જેવા શીખવાડનાર મળે તો પછી શું રહ્યું હવે ?

એને આ જીતવાની તૈયારી કરે છે ને, તે ચારિત્રબળ 'લૂઝ' (શિથિલ) થઈ જાય. અમે કોઈ જાતની તૈયારી ના કરીએ. બાકી ચારિત્રને વાપરવું, એને તમે તૈયારી કહો છો, પણ એનાથી તમારામાં જે ચારિત્રબળ છે એ 'લૂઝ' થઈ જાય છે અને જો ચારિત્રબળ ખલાસ થઈ જશે તો ત્યાં આગળ તારી કિંમત જ નહીં રહે.

### ચારિત્ર બળવાનનો ટેસ્ટ

**પ્રશ્નકર્તા :** ચારિત્ર બળવાન થયું ક્યારે કહેવાય ? એનો ટેસ્ટ શું ?

**દાદાશ્રી :** કોઈની સાથે અથડામણ ના થાય. આપણું મન અથડાય જ નહીં કોઈ જગ્યાએ, તો ચારિત્ર બળવાન થયું કહેવાય. મન અથડાય નહીં, બુદ્ધિ ના અથડાય, ચિત્ત અથડાય નહીં, અહંકાર ના અથડાય, શરીર અથડાય નહીં, એડજસ્ટ એવરીવ્હેર.

**પ્રશ્નકર્તા :** મન ના અથડાય, બુદ્ધિ ના અથડાય એ જરા સમજાવો.

**દાદાશ્રી :** કોઈ જોડે ડખો ના થાય, અથડામણ ના થાય. કોઈનું મોઢું ન ચડે આપણાથી. કોઈને દુઃખ ન થાય, કોઈને ત્રાસ ન થાય, એવરીવ્હેર એડજસ્ટ થયેલું.

**પ્રશ્નકર્તા :** અથડાઈને પ્રતિક્રમણ કરે તે ચારિત્ર જ કહેવાયને ?

**દાદાશ્રી :** ના, એ તો ચારિત્રમાં જવાની નિશાની છે.

### અંશ ચારિત્ર, આત્મજ્ઞાન પછી

ચારિત્ર તો મુખ્ય વસ્તુ છે. પણ ચારિત્ર મળવું બહુ મુશ્કેલ છે ને ! આ વર્લ્ડમાં કોઈ માણસ એવો

હશે, જેને સહેજે ચારિત્ર હોય ! એક સેન્ટેય ચારિત્ર હોય એવો કોઈ માણસ હશે ખરો ? આ શાસ્ત્રકારોએ જે ચારિત્ર કહ્યું છે ને, એ ચારિત્ર જ ન હોય. એ તો જરા ભ્રાંતિ ખસી તે બદલનું ચારિત્ર. ખરું ચારિત્ર તો જોયું નથી, સાંભળ્યું નથી. આ જ્ઞાન મળ્યા પછી ખરા ચારિત્રના એક અંશમાં તમે બેઠા છો ને તેનો આ સ્વાદ લાગે છે તમને. એ ખરા ચારિત્રનો અંશ ચાખ્યો. અંશનોય અંશ, હજી હવે ધીમે ધીમે વધશે.

## ચારિત્રનું સુખ તે કેવું વર્તે !

જ્ઞાની પુરુષની પાસે ચારિત્ર ગ્રહણ કરે, ખાલી ગ્રહણ જ કર્યું છે, હજી તો પળાયું જ નથી, ત્યારથી બહુ આનંદ છૂટે. તને કંઈ આનંદ છૂટ્યો છે ?

**પ્રશ્નકર્તા :** છૂટ્યો છે ને, દાદા ! તે ઘડીથી જ મહીં આખો ઉઘાડ થઈ ગયો.

**દાદાશ્રી :** લેતાની સાથે જ ઉઘાડ થઈ ગયોને ? લેતી વખતે એનું મન ક્લીયર (ચોખ્ખું) જોઈએ. એનું મન તે વખતે ક્લીયર હતું, મેં તપાસ કરી હતી. આને ચારિત્ર ગ્રહણ કર્યું કહેવાય, વ્યવહાર ચારિત્ર ! અને પેલું 'જોવું'-'જાણવું' રાખીએ, તે નિશ્ચય ચારિત્ર ! ચારિત્રનું સુખ જગત સમજ્યું જ નથી. ચારિત્રનું સુખ જ જુદી જાતનું છે.

અમે આ સ્થૂળ ચારિત્રની વાત કરીએ છીએ. એ ચારિત્ર જેને ઉત્પન્ન થાય, એ બહુ પુણ્યશાળી કહેવાય. આ છોકરાઓ બધા કેટલા પુણ્યશાળી કહેવાય ! એમણે બ્રહ્મચર્ય વ્રતની આજ્ઞા લીધેલી, તે એમને આનંદેય કેવો રહે !

**પ્રશ્નકર્તા :** આવો આનંદ તો મેં કોઈ કાળમાં જોયો ન હતો. નિરંતર આનંદ રહે છે !

**દાદાશ્રી :** અત્યારે આ કાળમાં લોકોના ચારિત્ર ખલાસ થઈ ગયા છે. બધે સારા સંસ્કાર જ રહ્યા નથીને ! આ તો અહીં આવી ગયા, તે વળી આ જ્ઞાન મળ્યું એટલે રાગે પડ્યું છે. આ તો પુણ્યશાળી છે, નહીં તો ક્યાંના ક્યાંય રખડી મર્યા હોત. ચારિત્રમાં માણસ જો બગડી જાય તો યૂઝલેસ લાઈફ (જિંદગી નકામી) થઈ જાય. દુઃખી દુઃખી થઈ જાય ! વરીઝ, વરીઝ, વરીઝ ! રાત્રે ઊંઘમાંય વરીઝ (ચિંતા) ! આ તો તમને બહુ આનંદ રહે.

**પ્રશ્નકર્તા :** હા, પહેલા તો જીવવા જેવું જ ન હતું.

**દાદાશ્રી :** બ્રહ્મચર્યની આજ્ઞા મળ્યા પછી કોઈ (વિષયના) બોમ્બ ફેંકવા આવે તો આપણે સાબદા થઈ જવું. આ આજ્ઞા મળી છે, એ તો બહુ જ મોટી વસ્તુ છે ! આ આજ્ઞા પાછળ દાદાની ખૂબ શક્તિ વપરાય છે. જો તમારો નિશ્ચય ના છૂટે તો દાદાની શક્તિ તમને હેલ્પ કરે ને તમારો નિશ્ચય છૂટી જાય તો દાદાની શક્તિ ખસી જાય. બ્રહ્મચર્ય તો બહુ મોટો ખજાનો છે ! લોક તો લૂંટી જાય. નાના છોકરાંને બોર આપીને કલ્લી (કડલા) કાઢી લે, તેના જેવું છે. બોરની લાલચમાં છોકરું ફસાય ને કલ્લી (હાથમાં પહેરવાના કડલા) આપી દે, એમ જગત લાલચમાં ફસાયું છે.

બ્રહ્મચર્યવ્રત લીધા પછી આનંદ બહુ વધી ગયો છે ને ? આ અવ્રતને લઈને જ આ બધી ભાંજગડ ઊભી થઈ છે, એનાથી આત્માના સાચા સ્વાદની સમજણ પડતી નથી. મહાવ્રતનો આનંદ તો જુદો જ ને ! આનંદ તો પછી બહુ વધે, પુષ્કળ આનંદ થાય !

## ચારિત્ર જગતે જોયું નથી

ચારિત્રરૂપી ધન સિવાય બીજી કાંઈ પણ ચીજ-વસ્તુ ભવેભવ આવતી જ નથી.

એ ચારિત્ર જગતે જોયું નથી, સાંભળ્યું નથી. શાસ્ત્રમાં કંઈ લખવામાં આવ્યું છે આ, પણ શબ્દમાં હોય. પણ શબ્દો એ તો સ્થૂળ છે ને વાણીય સ્થૂળ છે. એમાં ચારિત્ર હોય નહીં. ચારિત્ર વસ્તુ જ જુદી છે ને ! એક સેકન્ડેય જેને ચારિત્ર રહે, એ ભગવાન કહેવાય.

## આ કાળમાં શીલવાન ખોળવા મુશ્કેલ

**પ્રશ્નકર્તા :** દાદા, આ જમાનામાં કોઈ એવો શીલવાન આપે જોયો હોય તો દાખલો આપો.

**દાદાશ્રી :** શીલવાન આ કાળમાં તો એવું હોય નહીંને ! એવું કોઈ હોય નહીં બનતા સુધી. એવા શીલવાન..

**પ્રશ્નકર્તા :** છે આ અહીંયા અમારી સામે જ છે. (દાદાને અનુલક્ષીને...)

**દાદાશ્રી :** નહીં, એ બધું જુદું. એ તો શરીરની માલિકી નહીં એટલે શીલવાન જ છે ને ! શરીરની માલિકી નથી.

**પ્રશ્નકર્તા :** અને અમારે દરેકને તો એ જ થવાનું છે ને ?

**દાદાશ્રી :** હા, બરોબર છે. પણ શીલવાન ખોળવો મુશ્કેલ છે. એ તો બહુ મોટી વસ્તુ છે, એ શીલ બહુ ઊંચી વસ્તુ છે.

## તીર્થંકર-શીલવાનના દ્રવ્યભાવ ચોખ્ખા

**પ્રશ્નકર્તા :** આ જગતમાં અત્યારે કોઈ શીલવાન હશે ખરા ?

**દાદાશ્રી :** ના હોય, શીલવાન તો હોતા હશે કોઈ ? જ્યાં શીલની ઉપર જ ઘાત કર્યો છે.

**પ્રશ્નકર્તા :** દાદાએ એમ પણ લખ્યું છે કે દાદા પણ શીલવાન નથી.

**દાદાશ્રી :** હા પણ શું થાય તે પણ ? એ શીલવાન શી રીતે હોઈ શકે ?

**પ્રશ્નકર્તા :** તો પછી અમારે ગોતવા ક્યાં શીલવાનને ?

**દાદાશ્રી :** ગોતીને શું કામ છે ?

શીલવાન કોને કહેવાય ? એ બહુ ઊંચું પદ છે. જગતના લોક મને શીલવાન કહે પણ હું માનું નહીં ને ! કેવડું ઊંચું પદ છે તે હું જાણું છું ને શીલવાન !

અમારો વ્યવહાર કાચો કહેવાય. શીલવાનના વ્યવહાર ને અમારા વ્યવહારમાં ફેર છે. નિશ્ચય અમારો શીલવાન હોય બધો, પણ વ્યવહાર કાચો. વ્યવહાર પૂર્વકર્મના આધારે હોય અમારો.

**પ્રશ્નકર્તા :** આપણે તો અહીંયા વ્યવહારની ભાષામાં બ્રહ્મચર્ય પાળતા હોય એને શીલવાન કહીએ છીએ.

**દાદાશ્રી :** હમણાં તમને કો'ક કહે, ઘેર તેડી જાવ. તો રસ્તામાં હોટલની ચા ના પીએ, પણ દૂધ તો પીએ જ વળી. એ બધું ના હોય. આ બધો અમારો પાછલો બગાડ પૂર્વકર્મનો. આજ ભાવે કરીને અમારા મનમાં કશું જ નથી, પણ પાછલો બગાડ અમે જોતા હોઈએ ને ! હમણે ભૂખ લાગી હોય તો બહારના ભજીયા લાવીને આપો તોય ખઈ લઈએ. ના હોય એ શીલવાન ! આ કળીયુગનો મામલો, દુષમકાળનો મામલો. આમાં આવું જ હોય, આમ જ હોય. ભાવે કરીને બહુ શીલવાન હોઈએ પણ દ્રવ્ય પૂર્વકર્મના આધીન છે બધું અને આ દેશ-કાળના આધીન છે.

**પ્રશ્નકર્તા :** કાળની અપેક્ષાએ કેવળી શીલવાન ખરા ?

**દાદાશ્રી :** કેવળીયે ના કહેવાય.

**પ્રશ્નકર્તા :** એટલે તીર્થંકર જ શીલવાન થયા.

**દાદાશ્રી :** (એમને) દ્રવ્ય, ભાવ બેઉ ચોખ્ખા. ભાવે કરીને શીલવાન તો અમે હઉ છીએ. કેવળીય હોય છે. પણ તીર્થંકરોને દ્રવ્ય-ભાવ બન્ને ચોખ્ખા. એ આભા જુદી પડે એ. એ વાણી કેવી મીઠાશવાળી !

## જ્ઞાની ના વેચે શીલ કદી

જે લેશો એ (બીજું) વેચીને લ્યે છે, ખુમારી વેચીને લેશો. એટલે અમે વેચાવા ના દઈએ. અમે અમારું શીલ વેચીએ નહીં. તેને લીધે શીલ ભેગું થાયને ! અમે નાનપણથી વેચેલું નહીં. ધીરેલું ખરું, પાંચસો તેને હું આપું ખરો.

**પ્રશ્નકર્તા :** એ અમે મુંબઈમાં જોયું હતું, દાદા. પેલા શાલ આપવા આવ્યા'તા ને, બહુ દબાણથી... બહુ પ્રેમ, તો પછી એમ કીધું કે...

**દાદાશ્રી :** એને ત્યાં કહ્યું કે બેગમાં જગ્યા નથી, ભઈ. એટલે આ તારું હું પહેરું, ને મારું છે બીજું તે તું લઈ જા એને બદલે. મારું પહેરેલું છે ને, તે તું લઈ જા. એટલે બેગમાં જગ્યા જ નહીંને પણ ! એટલે પ્રસાદી લઈ જાય.

ત્યાં મોટામાં મોટી (જાગૃતિ રાખવી પડે), નહીં તો ત્યાં આગળ માર ખાઈ ગયા તો બહુ મોટો માર પડે. ત્યારે એનું આત્માનું બગડે અને આપણું પુદ્ગલનું બગડે છે. આપણું વેચાય એટલે પુદ્ગલનું વેચાય, થોડું આત્માનુંય વેચાય.

**પ્રશ્નકર્તા :** કશું નથી લેતા એ જ બહુ મોટામાં મોટી વસ્તુ છે, દાદા.

**દાદાશ્રી :** ના કહેવું એ તો બહુ મોટો ગુનો છે. એનો એને ભાવ ઊભો થયો, એક તો ભાવ ઊભો કરવો હોય તો કેટલાય અવતાર જોઈએ, ત્યારે મહાપરાણે તો ભાવ ઊભો થયો હોય બિચારાને, તે આપણે કચડી નાખીએ ! એ બધું જુદું થયું. એ જ સમજવાનું છે ને ! આપણે શું જોઈએ ? કશું જ જોઈએ નહીં.

**પ્રશ્નકર્તા :** દાદા, આ શું છે ? આપણે એમ કે એમનો ભાવ સાચવીએ, તેમ કરીને પછી આપણું મન લપટું પડી જાય.

**દાદાશ્રી :** લપટું પડી જાય.

**પ્રશ્નકર્તા :** એટલે પછી ભેદરેખા ખબર ના પડે. કે ક્યાં ભેદ રાખવો ?

**દાદાશ્રી :** પછી ગરકી જાવ, કાદવમાં.

**પ્રશ્નકર્તા :** સામી વ્યક્તિ પ્રેમથી આપે છે, આપણે લેવું નથી. છતાં આ ફુલની પાંખડી જેટલું લઈએ તો એટલું શીલ વેચાય ખરુંને ?

**દાદાશ્રી :** એ વેચાય ખરું. એ વેચ્યા વિના છૂટકો જ નહીં ત્યાં આગળ.

**પ્રશ્નકર્તા :** એટલે એલાવ કરવું પડે.

**દાદાશ્રી :** એ તો છૂટકો જ નહીં. એ ના વેચીએ તો એનો ઉપરથી પ્રતિભાવ અવળો પડી જાય. એનો ભાવ કચડીએ ને, તો વધારે શીલ વેચાય જાય.

**પ્રશ્નકર્તા :** દાદા, એવું ? ભાવ એ થાય તો વધારે શીલ વેચાય જાય ?

**દાદાશ્રી :** બહુ જબરજસ્ત વેચાય જાય. ભાવ તો એનો ખંડન કરાય જ (નહીં), ખરી રીતે તો. હું ત્યાં અટાવી-પટાવીને જ કામ કરું છું ને ! કોઈને તરછોડતો નથી.

## શીલને કહ્યું, ભગવાન ચારિત્ર

**પ્રશ્નકર્તા :** આ શીલ વેચાય જાય એટલે શું વેચાય જાય ? અત્યાર સુધી તો એમ જ લાગે આ ફ્રી ઑફ કૉસ્ટ આવે છે ને !

**દાદાશ્રી :** આપણાથી જે એને હિત થાયને, તેથી આપણી પાસે આ કમાણી થાય જબરજસ્ત. એનું હિત થાય, એને ખોટ ના જાય ને આપણને કમાણી થાય. પણ જો આપણે એનો બદલો લઈએ ત્યારે એને નફો ના થાય, આપણને ખોટ જાય. શીલ એટલે આ જગતનું મોટામાં મોટું જબરજસ્ત ચારિત્ર. એટલે આત્મચારિત્રનેય લાવનારું શીલ. શીલ આ છેલ્લું ચારિત્ર, ભગવાન ચારિત્ર, ભગવાન બનાવનારું શીલ એને શીલવાન કહેવાય.

## શીલ પથ, ટૂંકી ને ટચ વાત

**પ્રશ્નકર્તા :** (આપણા) બ્રહ્મચર્ય પુસ્તકનું એક્ઝેક્ટ આરાધન કરે, તો પછી પૂર્ણ શીલવાન થાયને ?

**દાદાશ્રી :** કેમ ના થાય ? જ્ઞાન આપેલું છે તેને થાય, બીજાને ન થાય. બીજો થોડો થોડો પ્રોગ્રેસ કરે. જ્ઞાનવાળા તો પૂર્ણ ચારિત્ર ! શીલવાન ગમેને ?

**પ્રશ્નકર્તા :** શીલવાન ગમે. પણ અમારાથી ચૂકી જવાય છે. મારે પણ અથડામણ થાય છે.

**દાદાશ્રી :** આપણે જે કહીએ છીએને, એ તો સરવૈયું કહેવાય કે જે ક્ષેત્રે જવાનું છે તે ક્ષેત્રની વાત. શીલવાન તો તીર્થંકરને કહેવાય. અને શીલવાન થવાનું છે તે પછી જેટલું થયું એટલું સાચું. બીજું ખૂટે છે એ જાણવું જોઈએ, કે કેટલું ખૂટે છે !

**પ્રશ્નકર્તા :** આપણે બીજું લાંબું જાણવાની જરૂર નહીં ને કોઈનેય કિંચિત્‌માત્ર દુઃખ ના થાય એવું રહેવું. તો બધું આવી ગયું મહીં !

**દાદાશ્રી :** બધું આવી ગયું, ટૂંકી ને ટચ વાત.

## તમારા સર્વે દુઃખો મને સોંપી જાવ

**પ્રશ્નકર્તા :** બીજાને સુખ આપવું અને આપણેય સુખમાં રહેવું, શાંતિથી રહેવું એ બરોબર છે ?

**દાદાશ્રી :** અને આપણે ના રહેવાયું તો બીજાને સુખ આપવાનું બંધ કરવું ?

**પ્રશ્નકર્તા :** એ તો તમે કીધુંને કે સામે...

**દાદાશ્રી :** એવું રહેવું જોઈએ કે આખું જગત મને દુઃખ આપે પણ અમે તમને સુખ આપીશું, એવો ધ્યેય કરવો.

આખું જગત મને દુઃખ આપે. અમે તો શું કહ્યું છે, અમેરિકામાં એ બધાને કહ્યું કે તમારા સર્વ દુઃખ મને સોંપી જાવ, તમારું સુખ તમારી પાસે રહેવા દો. કારણ એ દુઃખ તમને રહેશે નહીં, જો તમે ફરી યાદ નહીં કરો તો. યાદ કરો તો પાછું આવશે. તમારી નબળાઈ તમને કૈડે છે.

## શીલના પ્રતાપે નિરાલંબ પદ

હું ઈન્ડિપેન્ડન્ટ (સ્વતંત્ર) થયેલો છું. મારો ભગવાન પણ ઉપરી નથી, વર્લ્ડમાં કોઈ ઉપરી નથી અને પાછો લઘુત્તમ છું, તારાથી નાનો છું.

**પ્રશ્નકર્તા :** દાદા, ઈન્ડિપેન્ડન્ટ થવું એટલે શું ? કેવી રીતે ખબર પડે ?

**દાદાશ્રી :** હંઅ, મોટાને ઈન્ડિપેન્ડન્ટ થવા દે કે લોકો ? સળીઓ કરી મૂકે અને આ તો ગમે તેવી સળીઓ કરનારા, ને (કહે) તમે નાલાયક છો, બદમાશ છો, પણ છેવટે અડે નહીંને ? હું તો નાનામાં નાનો એટલે, એથીએ નાનો છું. તું ગાળો દે છે બા, ગાળો તારી સમાતી જ નથી. એટલે લઘુતમ પુરુષ છું. અને ઈન્ડિપેન્ડન્ટ થયો છું. એ વાસ્તવિકતા છે. એમાં સો ટકા, કોઈ ઉપરી નહીં વર્લ્ડમાં. અને ભગવાન કંઈ કરતા હોય તે ભગવાન તો મને વશ થઈ ગયેલા છે.

વિષય વિકાર સંબધી કોઈ દહાડો એક વિચાર આવ્યો નથી. લક્ષ્મીનો કોઈ વખત વિચાર નથી આવ્યો. કોઈ ચીજની ભીખ નથી. કોઈ ચીજની ઈચ્છા નથી આ વર્લ્ડમાં. (પછી) ભગવાન વશ થઈ જાય કે ના થઈ જાય ? તે આટલું તું કરું તોય થઈ જાય, સહેલું જ છે. આ તો બધું ઈન્ડિપેન્ડન્ટપણું, જેને નિરાલંબ કહેવામાં આવે છે. આ બધા, આખું જગત હૂંફ ખોળે. એનું શું કારણ ? આલંબન, હૂંફ તૂટી જાય તો રડે બિચારો. એટલે નિરાલંબપણું થઈ શકે છે આપણા સાયન્સના આધારે. આપણા વિજ્ઞાનના આધારે નિરાલંબ થઈ શકે છે. જેને થવું હોય તે આવજો મારી પાસે. નહીં તો ના થવું હોય તો, બીજું થવું હોય તોય આવજો. જે જે જોઈતું હોય તે (માટે) આવજો. ધીસ ઈઝ ધ કેશ બેંક ઑફ ડિવાઈન સૉલ્યુશન. (દિવ્ય ઉકેલ માટે રોકડી જગ્યા છે આ.)

## જેટલું શીલ એટલું પરિવર્તન

**પ્રશ્નકર્તા :** તમારું શીલ જોઈનેય જગતનું પરિવર્તન થાયને ?

**દાદાશ્રી :** જગત જીતવા માટે એક જ ચાવી કહું છું કે વિષય વિષયરૂપ ના થાય તો આખું જગત જીતી જાય. કારણ કે એ પછી શીલવાનમાં ગણાય. (પછી) જગતનું પરિવર્તન કરી શકાય. તમારું શીલ

જોઈને જ સામામાં પરિવર્તન થાય, નહીં તો કોઈ પરિવર્તનને પામે જ નહીં. ઊલટું અવળું થાય. અત્યારે શીલ જ બધું ખલાસ થઈ ગયેલું છે ને !

**પ્રશ્નકર્તા :** ચારિત્રહીન માણસ હોય પહેલા, એ શીલવાન થઈ શકે ?

**દાદાશ્રી :** હા, કેમ નહીં. એકવાર દેવાળો થઈ ગયો હોય, પછી જ્યારથી આ દેવું આપુંને, પછી દેવા ગયા અને પછી એ શરાફેય થઈ શકેને ! જીવતો હોય ત્યાં સુધી થઈ શકે અને મુદત હોય એટલી. પણ શીલવાન ના થાય એકદમ.

**પ્રશ્નકર્તા :** ખરાબ કામનું દેવું કેવી રીતે વળે ?

**દાદાશ્રી :** એ તો દેવા થઈ ગયા. પણ હવે નવેસરથી એ બધું ગોઠવણી કરે છે ને ?

**પ્રશ્નકર્તા :** પશ્ચાત્તાપથી થાય ?

**દાદાશ્રી :** અને નવેસરથી ગોઠવણી કરી દે ને !

## મનના વિરોધી થયે તૂટે કપટ

હવે તમે જો વિષયની (વિરોધની) લાઈનમાં બોલતા થાવ તો તમારી એ (વિષયની) લાઈન હોય તોય તૂટી જાય. કારણ કે તમે મનના વિરોધી થઈ ગયા. મનનું વોટિંગ જુદું ને તમારું વોટિંગ જુદું થઈ ગયું. મન સમજી જાય કે 'આ તો આપણાથી વિરોધી થઈ ગયા. હવે આપણો વોટ ના ચાલે.' પણ મહીં કપટ છે એથી લોકો બોલતા નથી, અને એ બોલવું એવું સહેલું નથી ને ! પબ્લિકને (લોકોને) જો સાચું શીખવાડે તો પબ્લિક તો બધું જ સમજે એવી છે. કારણ કે મહીં આત્મા છે ને ! એટલે વાર ના લાગે. પણ કોઈ કહેતું નથી ને ! પણ એ શી રીતે કહે ? કારણ એમને મહીં પણ પોલ હોય ને ! હું બીડી પીતો હોઉં ને તમને એમ કહું કે બીડી ન પીવાય તો મારો પ્રભાવ કેમ કરીને પડે ? મારું બિલકુલ સ્ટ્રોંગ (મજબૂત) હોય, ચોખ્ખું હોય તો જ મારો પ્રભાવ પડે.

## શીલવાન થવાની શરૂઆત, મોરલ ભાવનાથી

**પ્રશ્નકર્તા :** દાદા, શીલવાન થવાની શરૂઆત ક્યાંથી કરું ?

**દાદાશ્રી :** અત્યારે હંડ્રેડ પરસેન્ટ (સો ટકા) શીલવાન હોય નહીં. એ શીલવાન આ છેલ્લા પચ્ચીસસો વર્ષમાં નથી. છેલ્લા પચ્ચીસસો વર્ષોના જે કર્મો છે, એમાં આ શીલવાન થઈ શકે જ નહીં માણસ. શીલ આવે ખરું પણ પૂર્ણતા ના આવે, હંડ્રેડ પરસેન્ટ.

પેલા આ મોરાલિટી (પરથી) સમજી જાય કે હું ઈમ્મોરલ છું. એવું કંઈક એને ખબર પડે, તો મોરલ થવાનો પ્રયત્ન કરે એ. ભાવના કરે એ. ભાવનાથી ઈમ્મોરલ થઈ ગયો અને ભાવનાથી પાછો મોરલ થાય એ. ઈમ્મોરલ થયો છે તેનો દોષ નથી પણ હવે તું ભાવના કર કે મોરલ થવું છે. એ ભાવના કરું તેમાં એ તારો પુરુષાર્થ છે. દોષ હોવા છતાં તારો પુરુષાર્થ છે એ, એવું આપણે કહેવા માંગીએ છીએ. ઈમ્મોરલ તો પરિણામ છે, પણ મોરલ ભાવના છે તારી માટે. ફરી પરીક્ષા તે ઊંચી જાતની આપવા માંડી. આ તો પહેલાની પરીક્ષા આપ્યાનું રિઝલ્ટ આવ્યું.

**પ્રશ્નકર્તા :** મોરાલિટી-સિન્સિયારિટીનો અર્થ શું ?

**દાદાશ્રી :** 'મોરાલિટી'નો અર્થ શું ? પોતાના હક્કનું અને સહજ મળી આવે તે બધું જ ભોગવવાની છૂટ, એનું નામ મોરાલિટી. પોતાનું હક્કનું સહજ આવી ના મળે અને માગીને લેવાનું થતું હોય તો નહીં. હક્કનું, પોતાનું છતાં માગીને લેવાનું થતું હોય તો નહીં. સહેજે આવીને મળે તે જ ખપે. અને 'સિન્સિયારિટી' એટલે પોતે પોતાની જાતને સિન્સિયર રહે, એ બધાને સિન્સિયર રહી શકે. મનને સિન્સિયર રહે, બુદ્ધિને સિન્સિયર, અહંકારને સિન્સિયર રહે, બધાને સિન્સિયર રહે, એમાં દગોફટકો ન કરે. સામો માણસ ઈનસિન્સિયર થાય તોય પણ પોતાનું સિન્સિયરપણું ન જાય તો એ સિન્સિયારિટી કહેવાય.

## બુદ્ધિ નહીં પણ જ્ઞાનથી પમાશે તે પદ

**પ્રશ્નકર્તા :** પણ શીલની દિશામાં તો જવાયને ? એને માટે શું કરવું ?

**દાદાશ્રી :** આ જગતમાં કોઈ દોષિત છે જ નહીં. ખરેખર દરેક જીવ નિર્દોષ જ છે, જગતમાં. દોષિત દેખાય છે તે જ ભ્રાંતિ છે. કોઈ દોષિત નથી એ 'એના' લક્ષમાં રહેવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ એ બુદ્ધિથી સમજવું બહુ અઘરું છે.

**દાદાશ્રી :** બુદ્ધિ સમજવા દે જ નહીં આ. કોઈ દોષિત નથી એ બુદ્ધિ સમજવા દે જ નહીં.

**પ્રશ્નકર્તા :** તો એને માટે શું કરવું ?

**દાદાશ્રી :** આ વાક્ય તમારા અનુભવમાં આવે તો અનુભવ જ તમને કહી આપશે. પહેલું આ વાક્ય શરૂઆત કરો. તો પછી એનો અનુભવ તમને કહી આપશે એટલે પછી બુદ્ધિ ટાઢી પડી જશે.

ટૂંકા વાક્યથી કામ લેવું કે કોઈ દુશ્મનના તરફ ભાવ પણ ન બગડે અને બગડ્યો હોય તો પ્રતિક્રમણથી સુધારી લો. બગડી જવો એ વસ્તુ નબળાઈને લઈને બગડી જાય. તો પ્રતિક્રમણથી સુધારી લો એને ! એમ કરતા કરતા એ વસ્તુ સિદ્ધ થશે.

## આજ્ઞાથી સિદ્ધ થાય શીલવાન દશા

**પ્રશ્નકર્તા :** દાદા, પણ આ ભાવના, એટલે એમાંયે પ્રયત્ન કરવાનો તો આવ્યો જ ને કંઈ ?

**દાદાશ્રી :** જે માલ છે એ એનો નિકાલ કરવાનો છે. નિકાલ કરે એટલે શુદ્ધ જ છે. પણ જેને જ્ઞાન મળ્યું ના હોય તેને માટે કંઈક રસ્તો જોઈએ ને ? એની બધી વાતો છે મોરાલિટી. આપણને તો પ્રશ્ન જ ઊભો નથી થતો. આપણે આ પાંચ આજ્ઞામાંથી પ્રશ્ન જ ઊભો થતો નથી.

**પ્રશ્નકર્તા :** દાદા, આપણે આ જે પુરુષાર્થ કરવાનો છે, તે કેવો પુરુષાર્થ ?

**દાદાશ્રી :** આ પાંચ આજ્ઞા એ જ પુરુષાર્થ છે.

**પ્રશ્નકર્તા :** એ ધ્યાનમાં રાખીને તે પ્રમાણે વર્તવું.

**દાદાશ્રી :** પાંચ આજ્ઞા જ પાળવી, એનું નામ પુરુષાર્થ. અને પાંચ આજ્ઞાના પરિણામે શું થાય છે ? જ્ઞાતા-દ્રષ્ટા રહેવાય છે અને એ જ ખરો પુરુષાર્થ.

## 'ગરજ'થી જ પ્રાપ્તિ

**પ્રશ્નકર્તા :** આ શીલ એ અભ્યાસનો વિષય છે.

**દાદાશ્રી :** અભ્યાસથી બહુ ત્યારે 'સી.એ.' થાય, શીલ ના થાય. જેનામાં આ સિન્સિયારિટી ને મોરાલિટી ગુણો દેખાતા હોય ત્યાં બેસવાથી શીલ થાય છે. એમના સંગમાં-સંસર્ગમાં બેસવાથી આ શીલ (ઉત્પન્ન) થાય છે.

**પ્રશ્નકર્તા :** એટલે એ વાતાવરણમાં આવવાનો માણસે મહાવરો રાખવો પડે ?

**દાદાશ્રી :** એ એણે ગરજ રાખવી પડે, મહાવરો નહીં. ગરજ હોય ને, તો મહાવરાની જરૂર નથી. જેને ભૂખ લાગી હોય, તે કંઈ હોટલનું પછી બોર્ડ ના વાંચે. ખરાબ હોટલ હોય તોય વાંધો નહીં, પેસી જાય. ભૂખ લાગી હોય તે કંઈ જુએ ?

બાકી શીલ તો, શીલવાનને દેખીને એમની પાસે બેસે ગરજથી, તો પ્રાપ્ત થાય. પણ આ મહાવરો પાછા ક્યાંથી લાવ્યા અહીં આગળ ?

અને અભ્યાસ તો ક્યારે થાય ? ગરજાઉ હોય તો. જેની ગરજ જાગે ને, તે અભ્યાસ તો એની મેળે જ થયા કરે. ગરજ જાણવી જોઈએ. ગરજ હોય તો એવો થઈ જાય કે ના થઈ જાય ? પૈણવાની ગરજ જાગી હોય તો એને અભ્યાસ કરવો પડે ? એટલે ગરજ છે, તો જ્યારે ત્યારે પણ એ સિદ્ધિ પ્રાપ્ત કર્યા વગર રહેતો નથી. બાકી લોકોને તો ગરજ જ નથી. અને આ તો સંજોગ અનુસાર ફરી જાય છે. ફરી જાય તો કશું જ નથી. કારણ કે શીલવાન થતાં તો કેટલા ટેસ્ટ એક્ઝામિનેશન (પરીક્ષા) આવે. ત્યાં માણસ ન ફરી જાય એવું બને નહીંને !

એટલે આ લોકો 'ત્યાગ કરો, તપ કરો' કહે છે. અલ્યા 'કરો' તે કહેવાતું હશે કોઈ માણસને ? કરાવી કરાવીને તો મારી નાખ્યા લોકોને. તમે એવી ગરજ ઘાલી દો કે એની મેળે કરે. 'અભ્યાસ કરો, ફલાણું કરો' તે શી રીતે અભ્યાસ કરું તે ? તમે ત્યાં બેઠા, હું અહીં બેઠો શી રીતે અભ્યાસ કરું ? માટે એવી કંઈ ગરજ ઘાલી દો એમને. ગરજ ઘાલે એટલે હેંડવા માંડે કે ના હેંડવા માંડે ?

## મોરલ બાઈન્ડિંગનો પ્રતિસાદ

**પ્રશ્નકર્તા :** દાદા, જ્ઞાનીની વાણી મડદાંને જીવતું કરે તે આજ ને ?

**દાદાશ્રી :** હા, જીવતું કરી દે ! અમે કહીએ કે આ આવું છે, આમ ચાર જ વાક્યો બોલીએ ને, તે એનામાં ઝણઝણાટી આવે. એ ઝપાટાબંધ ચઢી જાય. આંધળો દેખતો થઈ જાય. એટલે ખોટું નથી કહ્યું આ બધાએ. 'જ્ઞાની'ની વાણીમાં ચેતનબળ છે. એ ચેતનબળ શેના આધારે છે ? કારણ કે એ વાણી ચેતનને સ્પર્શીને નીકળે છે. ને તે વાણી કેવી છે ? મોરલ બાઈન્ડિંગવાળી છે.

અમે એક સેકન્ડ પણ આ શરીરમાં નથી રહેતા. તેનું આ ફળ છે બધું. અને હિન્દુસ્તાનની દશા ઓર જ જાતની થવાની છે. નહીં તો આખું પૂંઠિયું ફેરફાર થઈ જશે. હજુ તો લાખો માણસો, કરોડો માણસો પામશે આખી દુનિયા પામશે !

## હવે તમારે આ પૂરું થયું ક્યારે ગણાશે ?

હવે તમારે આ પૂરું થયું ક્યારે ગણાશે ? જ્યારે તમને જોઈને સામાને સમાધિ થાય, તમને જોઈને સામો દુ:ખ ભૂલે ત્યારે પૂરું થયું ગણાય ! તમારું હાસ્ય એવું દેખાય, તમારો આનંદ એવો દેખાય કે બધાને હાસ્ય ઊભું થાય ત્યારે જાણવું કે આ દુ:ખ પોતાનું બધું ગયું !

તમને બધાને હજી ટેન્શન રહે છે અને તે 'ટેન્શને'ય અમારી આજ્ઞામાં નહીં રહેવાથી છે. આજ્ઞા એટલી બધી સુંદર છે ને બહુ સહેલી છે. પણ હવે કેટલુંક ભોગવવાનું હોય, તે છૂટકો થાય નહીંને ! અને એમાં અમારાથી હાથ ઘલાય નહીંને ! પણ જ્યારે ત્યારે આમાંથી નીકળી જવાશે. કારણ કે જ્યારે સાચો રસ્તો જડ્યો પછી કોઈ માણસ માર્ગ ચૂકે નહીંને !

એક જ માણસ જો ચોખ્ખો હોય તો કેટલાય માણસનું કામ નીકળી જાય ! એટલે પોતાની પ્યૉરિટી જોઈએ. તમે સંસારી હો કે ત્યાગી હો, ભગવાનને કશું લેવાદેવા નથી, ત્યાં તો પ્યૉરિટી જોઈએ. ઈમ્પ્યૉર ગોલ્ડ ત્યાં કામ લાગે નહીં. ભગવા હોય કે ધોળા હોય, પણ ઈમ્પ્યૉર છો ત્યાં સુધી કામ નહીં લાગે. તમારો પ્રભાવ જ નહીં પડેને ! શીલવાન થવું જોઈએ.

## શીલવાનના નિમિત્તે થાય જગ કલ્યાણ

આત્મા મોક્ષસ્વરૂપ જ છે. જ્યારથી એ (પોતાને) રિયલાઈઝ થયો, ત્યારથી મોક્ષસ્વરૂપ જ છે. પણ પહેલું શીલવાન થવું પડે. એના ગુણો ઉત્પન્ન થવા જોઈએ. શીલવાન એટલે (એને) કાયમ સુખ હોય અને એને દેખતા જ બીજા લોકોને ફેરફાર થાય. એટલી જ જરૂર છે આપણે. બાકી ઉપદેશ આપવાથી તો ફેરફાર થાય નહીં. પોતે શીલવાન થયો કે પછી જગતના બધા એને નિમિત્તે ફેરફાર થઈ જાય.

**- જય સચ્ચિદાનંદ**

---

<u>દાદાવાણી મેગેઝીનના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

અગર આપે દાદાવાણી મેગેઝીનનું વાર્ષિક લવાજમ જ ભર્યું છે, તો તે બાર મહિના પછી પૂરું થઈ જાય છે. આપને જો યાદ ન હોય કે ક્યારે પૂરું થાય છે, તો શી રીતે આપને ખબર પડશે ? જો આપની આ મહિનાની આવેલ દાદાવાણીના કવરના લેબલ પર ગ્રાહક નંબરની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી દાદાવાણી છે. દા.ત. DGIA12345 #. જો આપ દાદાવાણી મેગેઝીન રિન્યુ કરાવવા ઈચ્છતા હો તો લવાજમ કેટલું છે અને કયા સરનામે મનીઓર્ડર કે ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવો (સંપર્કસૂત્ર) એની વિગત પેજ નં.૩ પર આપેલ છે.

## चारित्र की नींव, मोक्षपथ का आधार

चारित्र में स्ट्रोंग हो गया तो जगत् जीत जाएगा। जगत् जीतने के लिए, चारित्र में स्ट्रोंग हो, बस इतना ही चाहिए। कपड़े कैसे भी पहने, उसमें कोई हर्ज नहीं है। व्यवहार चारित्र का और कपड़ों का कोई लेना-देना नहीं है। कपड़ों के बारे में तो एक का मत ऐसा है कि कपड़े बिल्कुल होने ही नहीं चाहिए। किसी दूसरे का मत ऐसा है कि सफेद कपड़ा लपेटना चाहिए। लेकिन आप कोट-पतलून पहनो तो भी हर्ज नहीं है। वे सभी मत व्यवहार के हैं। खाने की चीज़ें कोई भ्रांति जैसी चीज़ नहीं हैं। यदि जलेबी मुँह में रखें, तो बड़े लोगों को भी मीठी लगती है न? नहीं लगती? इसलिए यदि सिर्फ 'चारित्र' जीत लिया तो सारा जगत् जीत लिया। बाकी खाओ-पीओ उसमें मुझे कोई एतराज़ नहीं है। कम-ज़्यादा खाओगे तो कोई एतराज़ नहीं करेगा न? आप इत्र ज़्यादा लगाओ तो लोग एतराज़ करते हैं क्या? और इतनी बड़ी-बड़ी मूछें रखो, गलमुच्छें रखो तब भी दुनिया एतराज़ नहीं करती। दुनिया तो, जहाँ गड़बड़ है, वहीं पर एतराज़ करती है। दुनिया को अन्य सभी चीज़ों में कोई एतराज़ है ही नहीं। और इस *अणहक्क* के संबंध में तो बहुत ही जोखिमदारी है, भयंकर अधोगति में फेंक देता है! जगत् तो आईने जैसा है, वह हमें दिखाता है, अपना रूप दिखाता है। जो-जो टोकनेवाले हैं न, वे अपना ही आईना हैं।

वास्तव में तो, विषय में सुख है ही नहीं। जो सुख माना है न, वह निरी रोंग बिलीफ की भी रोंग बिलीफ है। जलेबी में सुख लगता है। अब किसी को जलेबी नहीं भाती होगी, लेकिन उसे श्रीखंड तो भाता होगा? यानी ये चीज़ें भी सुखदायी लगती हैं। जबकि विषय तो दाद को खुजलाने जैसा है। वह कोई चीज़ नहीं है फिर भी उसमें सुख मिलता है न? अतः विषय रोंग बिलीफ की भी रोंग बिलीफ है। वह भी फिर जगत् में चल पड़ा तो चला फिर। सही समझ ही नहीं है न!

मैं इन सभी को इसीलिए ब्रह्मचर्य के बारे में समझाता हूँ। क्योंकि चारित्र की बुनियाद पर मोक्षमार्ग कायम है। आपको यदि खाना-पीना है, तो उसमें हर्ज नहीं है। सिर्फ शराब या मांसाहार नहीं करना चाहिए। बाकी सबकुछ, पकौड़े-जलेबी खाने हों तो खाना, उसका हल ला दूँगा। अब इतनी छूट देने के बावजूद भी यदि आप अच्छी तरह से आज्ञा में नहीं रह पाओ तो क्या हो सकता है? आपको तो चारित्र की बुनियाद मज़बूत रखनी है। मोक्ष में जाने के लिए वही एक मूल चीज़ है।

अपने यहाँ पर ज्ञान लेने के बाद क्रोध-मान-माया-लोभ नहीं होते हैं इसलिए यह व्यवहार चरित्र बहुत ऊँचा कहलाता है। जो भी क्रोध-मान-माया-लोभ होते हैं, वे निकाली हैं, वे निर्जीव हैं। अतः वास्तव में वे क्रोध-मान-माया-लोभ नहीं हैं। इसलिए यह व्यवहार चरित्र बहुत ऊँचा कहलाता है, लेकिन ब्रह्मचर्य ठीक से नहीं सँभालने के कारण सारा चरित्र कच्चा पड़ जाता है। अब ब्रह्मचर्य के लिए ज़ोर लगाकर, यों खींच-तानकर लाने जैसा नहीं है। ब्रह्मचर्य अपने आप सहज उदय में आए तभी काम का है। आपका भाव ब्रह्मचर्य के लिए होना चाहिए। जब तक ब्रह्मचर्य ठीक से नहीं सँभाल पाते, तब वह तक पौद्गलिक सुख और आत्मसुख के बीच का भेद नहीं समझने देगा। व्यवहार चारित्र यानी किसी स्त्री को दुःख हो ही नहीं, ऐसे बरतना। किसी स्त्री के लिए दृष्टि नहीं बिगाड़े। कुछ मुद्दत के लिए लिया गया चारित्र्य तो अच्छा कहलाता है। अभ्यास तो हो जाएगा न! चारित्र्य लिया मतलब झंझट ही खत्म हो जाएगा न! फिर वे विचार ऐसा समझेंगे कि इन्हें अपमान महसूस होगा, अतः जान-बूझकर कम आएँगे। 'ज्ञानीपुरुष' के आधार पर चारित्र्य, वह तो सबसे बड़ी चीज़ है। जबकि 'ज्ञानीपुरुष' का चारित्र तो बहुत ही उच्च होता है। कभी मन भी नहीं बिगड़ता।

**(परम पूज्य दादाश्री की वाणी में से संकलित)**

## Exclusive Nature Of Brahmacharya In Akram Vignan

Brahmacharya has been accepted by the whole world. Without brahmacharya, the Self can never be attained. Any one who is against brahmacharya will never attain the Self. One must be continuously vigilant against all elements of sexuality. Here even a second of inattention will not do.

**Questioner:** How much relation is there between brahmacharya and moksha (liberation)?

**Dadashri:** There is a lot of relation. The Self cannot be experienced without brahmacharya. You will never know,' Is this bliss from sex or is it from the Self?'

**Questioner:** There are two types of brahmacharya practitioners. One is that practiced in a married state and the other in an unmarried state. Which is the higher of the two?

**Dadashri :** One practiced after getting married is higher but it is very difficult to do so. We have so many married people practicing brahmacharya, but they are all in their forties.

Ultimately, even married people will have let go of sex for last ten to fifteen years of their lives. They will have to be free from everything. Lord Mahavir too, was free in the last forty-two years of his life. There are endless difficulties with a woman in this worldly life. Difficulties begin from the time they are joined together in matrimony. How can two minds think alike? How long can they think alike? Suppose, if they both liked the kadhi soup, but what about the vegetables? Here the two minds would not think alike and hence they achieve nothing. There is no harmony where there are divisions due to differences of opinions.

Gnani Purush is 'open to sky', without any secrets. He is available no matter what time of the night you go to him. I do not have to practice brahmacharya. I do not even think about sex. This body does not have those atoms of sexuality. That is why such speech related to brahmacharya comes out. No one has spoken about brahmacharya. People themselves are sexual and involved in sexuality and therefore they have not spoken against sex. And here, I have spoken enough about brahmacharya so that a whole book can be published. I have spoken about it in its entire spectrum. This is because no atom or subatomic particle of sexuality remains. I remain detached from my body and live like a neighbor with this body. Otherwise, this type of wonder would never be found, would it?

If you eat a fruit but eat with repentance, then new seed would not be sown and if you eat with pleasure that, ‘Yes, today I really enjoyed myself’, then new seed would be sown.

Otherwise this brahmacharya will slack off if you relax even a little. Therefore do not relax, remain strict. ‘I do not want this even if I die’. Such strictness is needed.

Even at a very young age, I could not understand why people see happiness in sex? What kind of a thing is this? Since a very young age I have acquired this practice of ‘three visions’. That is why I feel apathy towards this and I have a strong aversion. Whereas other people take pleasure in sex and worship it. What kind of foolishness is this?

**(Edited from Param Pujya Dadashri’s divine speech)**

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ:** (૦૭૯) ૩૯૮૩૦૧૦૦; **રાજકોટ :** ૯૨૭૪૧૧૧૩૯૩; **ભુજ** (૦૨૮૩૨) ૨૯૦૧૨૩;
**ગોધરા:** (૦૨૬૭૨) ૨૬૨૩૦૦; **મોરબી:** (૦૨૮૨૨) ૨૯૭૦૯૭
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ:** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮; **મુંબઈ:** ૯૩૨૩૫૨૮૯૦૧; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫;
**U.S.A.-Canada:** +1 877-505-DADA (3232); **U.K.:** +44 330-111-DADA (3232); Australia : +61 421127947

## દાદાઈ જગકલ્યાણ મિશન - સત્સંગ હાઈલાઈટ્સ

**તા. ૨૦ થી ૨૪ નવેમ્બર :** આ વર્ષે પૂજ્યશ્રી દીપકભાઈના સત્સંગનો લાભ બાળકો-યુવાનોને વિશેષ મળે તે હેતુથી મોટા સત્સંગ સેન્ટરોમાં જ્યાં બાળકો-યુવાનો માટે MHT ગ્રુપના સત્સંગ થાય છે, તે સેન્ટરોને એક દિવસનો વિશેષ સત્સંગ ફાળવવામાં આવ્યો છે. એની શરૂઆત વડોદરા સેન્ટરથી થઈ હતી. સ્થાનિક લગભગ ૪૦૦ બાળકો-યુવાનોએ સુંદર કાર્યક્રમો રજૂ કર્યા હતા, જેમાં નૃત્ય, જોક્સ, નાટિકા વિગેરેનો સમાવેશ થતો હતો. એક ગ્રુપે શબ્દોનો પ્રયોગ કર્યા વગર, માત્ર હાવભાવથી નૃત્ય પ્રસ્તુતિ કરી ડિપ્રેશન, ઈર્ષા, બુરાઈ સામે કેવી રીતે જ્ઞાનથી બચી શકાય એની સુંદર રજૂઆત કરી હતી. ૬૦ જેટલાં બાળકો-યુવાનોને પોતાના પ્રશ્નો પૂજ્યશ્રીને પૂછવાનો અવસર મળ્યો હતો. આ વખતે વડોદરાના માંજલપુર વિસ્તારમાં પૂજ્યશ્રીના સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં ૮૨૫ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું.

**તા. ૨૬-૨૭ નવેમ્બર :** સાવરકુંડલામાં બીજી વખત પૂજ્યશ્રીનો સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ યોજાયો હતો. અત્રે ૧૦૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. ગઈ વખતે આત્મજ્ઞાન મેળવેલ ઘણાં મહાત્માઓએ હાજરી આપી હતી. સ્થાનિક સેવાર્થીઓ માટે પૂજ્યશ્રીના વિશેષ સત્સંગ-દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો.

**તા. ૨૯ નવેમ્બર થી ૨ ડિસેમ્બર :** ભાવનગરમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમમાં ૧૦૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. અહીં બીજી ડિસેમ્બરે પૂજ્ય નીરુમાના ૭૦મા જન્મદિવસની ઉજવણી ઉલ્લાસભેર કરવામાં આવી હતી. GNCના વિશેષ કાર્યક્રમ દરમ્યાન LMHTના બાળકો તથા YMHT યુવાનોએ પૂજ્ય નીરુમાના પદ પર નૃત્ય, પૂજ્ય નીરુમા પર કવિતા તથા નીરુમાની મીઠી યાદોની પ્રસ્તુતિ કરી હતી.

સીમંધર સીટીના મહાત્માઓએ પણ પૂજ્ય નીરુમાના જન્મદિવસની ઉજવણી પ્રભાત ફેરી, સમાધિએ પ્રાર્થના-આરતી તથા ભક્તિ દ્વારા કરી હતી. પૂજ્ય નીરુમાના સત્સંગોની વિશેષ સીડી બતાવવામાં આવી હતી.

**તા. ૮-૯ ડિસેમ્બર :** આણંદમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમમાં ૮૧૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. અક્ષર ફાર્મ ખાતે યોજાયેલ આ કાર્યક્રમ દરમ્યાન સ્વામીનારાયણ મંદિરના કોઠારી સ્વામીએ પૂજ્યશ્રીનું અભિવાદન કર્યું હતું. સેવાર્થીઓ માટે પૂજ્યશ્રીના વિશેષ સત્સંગ-દર્શન કાર્યક્રમ તથા આપ્તપુત્ર દ્વારા MMHT સત્સંગ અને ફોલોઅપ સત્સંગ યોજાયા હતા.

**તા. ૧૧ થી ૧૫ ડિસેમ્બર :** સુરતમાં યોજાયેલ સત્સંગ-જ્ઞાનવિધિ કાર્યક્રમ દરમ્યાન ૨૧૦૦ મુમુક્ષુઓએ આત્મજ્ઞાન મેળવ્યું હતું. GNCના MHT ગ્રુપ માટે વિશેષ યોજાયેલ કાર્યક્રમમાં ૨૫૦ બાળકો-યુવાનોએ નૃત્ય, નાટિકા, ભક્તિ દ્વારા પોતાના કૌશલ્યની સુંદર રજૂઆત કરી હતી. મહાત્માઓ માટે પૂજ્યશ્રીનો એક દિવસનો વિશેષ સત્સંગ યોજાયો હતો.

## પૂજ્ય નીરુમાને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **ડીડી-ગિરનાર પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ 'જ્ઞાનવાણી'**
- **'અરિહંત' ચેનલ પર દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ અને બપોરે ૩-૩૦ થી ૪**
- **'સાધના' ટીવી પર સોમથી શનિ રાત્રે ૯-૩૦ થી ૧૦ (હિન્દીમાં)**
- **'આસ્થા' પર દરરોજ રાત્રે ૧૦-૨૦ થી ૧૦-૪૦ (હિન્દીમાં)**
- **'ડીડી-પટના' પર સોમથી શુક્ર સાંજે ૬-૩૦ થી ૭ (હિન્દીમાં - નવો કાર્યક્રમ)**

**USA**
- **'TV Asia' - દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST**

**UK**
- **'વીનસ' પર દરરોજ સવારે ૮ થી ૮-૩૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૦૫)**

## પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર...

**ભારત**
- **'દૂરદર્શન'- ડીડી-ગિરનાર પર દરરોજ બપોરે ૩-૩૦ થી ૪ - 'જરા જુઓ જાગીને'**
- **ડીડી-ગિરનાર પર દરરોજ રાત્રે ૯ થી ૯-૩૦ - 'જ્ઞાનપ્રકાશ'**
- **'દૂરદર્શન' નેશનલ પર દર રવિવારે સવારે ૬-૩૦ થી ૭ (હિન્દીમાં)**
- **'સાધના' ટીવી પર દરરોજ સવારે ૭-૪૦ થી ૮-૧૦ તથા સાંજે ૭-૧૦ થી ૭-૪૦ (હિન્દીમાં)**
- **'દૂરદર્શન - 'સહ્યાદ્રિ' પર દરરોજ સવારે ૭ થી ૭-૩૦ (મરાઠીમાં)**

**USA**
- **'TV Asia' - દરરોજ સવારે ૧૦ થી ૧૦-૩૦ EST**

**USA-UK**
- **'આસ્થા' પર દરરોજ રાત્રે ૯-૩૦ થી ૧૦ (ડિશ ટીવી ચેનલ યુકે-૮૪૯, યુએસએ-૭૧૯)**

## આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં આગામી સત્સંગ કાર્યક્રમો

### અમદાવાદ

**૨૪-૨૫ જાન્યુ.** (શુક્ર-શનિ), સાંજે ૬-૩૦ થી ૯ - **સત્સંગ, ૨૬ જાન્યુ.** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ - **જ્ઞાનવિધિ**

**૨૭ જાન્યુઆરી** (સોમ), સાંજે ૬-૩૦ થી ૯ - **મહાત્માઓ માટે સત્સંગ**

**સ્થળ :** અમદાવાદ એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા. **સંપર્ક :** ૯૪૨૮૩૩૦૩૭૭

### અમરેલી - ત્રિમંદિર ખાતમુહૂર્ત

**૬ ફેબ્રુઆરી** (ગુરુ), સવારે ૧૦-૩૦ થી ૧૨ - **ત્રિમંદિર ખાતમુહૂર્ત**

**સ્થળ** : લીલીયા રોડ બાયપાસ ચોકડી, અમરેલી. **સંપર્ક :** ૯૪૨૬૯૮૫૬૩૮

### રાજકોટ

**૭-૮ ફેબ્રુઆરી** (શુક્ર-શનિ), સાંજે ૭-૩૦ થી ૧૦ - **સત્સંગ, ૯ ફેબ્રુ.** (રવિ), સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

**૧૦ ફેબ્રુઆરી** (સોમ), સાંજે ૭-૩૦ થી ૧૦ - **મહાત્માઓ માટે સત્સંગ** **સંપર્ક :** ૯૮૭૯૧૩૭૯૭૧

**સ્થળ** : શ્રી રણછોડદાસજી બાપુ આશ્રમ ગ્રાઉન્ડ, અલકા સોસાયટી મેઈન રોડ, કુવાડવા રોડ.

### મોરબી

**૧૨ ફેબ્રુઆરી** (બુધ), રાત્રે ૮-૩૦ થી ૧૧ - **સત્સંગ** તથા **૧૩ ફેબ્રુઆરી** (ગુરુ), સાંજે ૭-૩૦ થી ૧૧ **જ્ઞાનવિધિ**

**૧૪ ફેબ્રુઆરી** (શુક્ર), રાત્રે ૮-૩૦ થી ૧૧ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ** : સમય ગેટની પાસે, વિનાયક હોલની સામે, શનાળા રોડ, મોરબી. **સંપર્ક :** ૯૯૦૯૧૭૨૭૫૫

### ભુજ

**૧૫ ફેબ્રુઆરી** (શનિ), સાંજે ૬-૩૦ થી ૯ - **સત્સંગ** તથા **૧૬ ફેબ્રુઆરી** (રવિ), સાંજે ૫-૩૦ થી ૯ **જ્ઞાનવિધિ**

**૧૭ ફેબ્રુઆરી** (સોમ), સાંજે ૬-૩૦ થી ૯ - **આપ્તપુત્ર સત્સંગ**

**સ્થળ** : જ્યુબિલી ગ્રાઉન્ડ, ભુજ. **સંપર્ક :** ૭૫૬૭૫૬૧૫૫૬

### ચંદીગઢ

**૮ માર્ચ** (શનિ), સાંજે ૬ થી ૮-૩૦ - **સત્સંગ** તથા **૯ માર્ચ** (રવિ), સાંજે ૫ થી ૮-૩૦ **જ્ઞાનવિધિ**

**સ્થળ** : ટાગોર થીયેટર, સેક્ટર-૧૮, સરકારી મોડેલ હાઈસ્કૂલ સામે. **સંપર્ક :** ૮૪૨૭૪૧૩૬૨૪

### સુરેન્દ્રનગર

**૧૪ માર્ચ** (શુક્ર), સાંજે ૪-૩૦ થી ૭ - **સત્સંગ** તથા **૧૫ માર્ચ** (શનિ), સાંજે ૩-૩૦ થી ૭ **જ્ઞાનવિધિ**

**સ્થળ** : ત્રિમંદિર, સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે, લોક વિદ્યાલય પાસે, મુળી રોડ. **સંપર્ક :** ૯૮૭૯૭૪૧૫૮૨

---

## સુરેન્દ્રનગર ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

### આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં... તા. ૧૬ માર્ચ ૨૦૧૪ (રવિવાર)

**પ્રાણપ્રતિષ્ઠા :** સવારે ૯-૩૦ થી ૧, **પ્રક્ષાલ-પૂજન-આરતી :** સાંજે ૪ થી ૭, **ભક્તિ :** રાત્રે ૯ થી ૧૦

**સ્થળ :** ત્રિમંદિર, સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે, લોક વિદ્યાલય પાસે, મુળી રોડ. **સંપર્ક :** ૯૮૭૯૭૪૧૫૮૨

**વિશેષ સૂચના :** કાર્યક્રમમાં ભાગ લેવા તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૪ સુધી આપના નજીકના સેન્ટરમાં અને જો નજીકમાં કોઈ સેન્ટર ના હોય તો અડાલજ ત્રિમંદિરના ફોન નં. (૦૭૯) ૩૯૮૩૦૪૦૦ પર પોતાનું રજિસ્ટ્રેશન કરાવવું.

જાન્યુઆરી ૨૦૧૪
વર્ષ-૧૯, અંક-૫
સળંગ અંક - ૨૨૧

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. GAMC - 1143/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/23/2012
Valid up to 30-6-2014
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 1st of each month.

## જગતમાં ઉત્તમ પદ, શીલવાન તણું

આવું બ્રહ્મચર્ય પર કોઈએ હિન્દુસ્તાનમાં કહ્યું નથી હજુ. લોકોને આનો (વિષયનો) જ સ્વાદ છે. જ્યાં અનેક જાતના ઝઘડા, વિગ્રહ ને સંઘર્ષ ઊભું થાય છે, ત્યાં જ આ જીવો ફસાય છે. એ ફસામણ છૂટે નહીં અને અનંત અવતારો થાય છે. કારણ કે વેર વાળ્યા જ કરે પછી. જો બ્રહ્મચર્યમાં આવ્યો એટલે દેવસ્થિતિમાં આવ્યો. મનુષ્યમાં દેવ ! કારણ કે પાશવતા ગઈ. એ પછી પાશવતા જાય એટલે દેવ જેવી સ્થિતિ ઊભી થાય. જ્યાં સુધી બ્રહ્મચર્ય આવ્યું નથી ત્યાં સુધી પાશવતા છે. નાના પ્રકારની, મનુષ્યમાં જ પાશવતા. વિષય ગયો તો શીલવાન કહેવાય. આ જગતમાં શીલવાન જેવી ઉત્તમ વસ્તુ કોઈ જ નથી. શીલવાનનો તો બહુ પ્રભાવ અને ચારિત્ર બધું ઊંચું હોય એનું !

- દાદાશ્રી

માલિક-મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક શ્રી ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બેઝમેન્ટ, પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.